એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિ સેતુ

વર્ષ-૧ ● અંક-૪
માર્ચ-૨૦૦૬

**તંત્રી**
હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
અતુલ સોની
કુ. એકતા કટ્ટા

**વ્યવસ્થાપક સમિતિ**
શૈલેષ કંસારા
પ્રશાંત બીજલાની
જયમીન જે. સોની
સૂર્યકાંત સોની
તુલસીદાસ કંસારા

**કાર્યાલય**
શ્રી હંસરાજ ઠાકરશી કંસારા
એ/૧/૧/૪, સમૃદ્ધિ ફ્લેટ્સ,
રામેશ્વરમ્ એપાર્ટમેન્ટ્સ,
રામદેવનગર, સેટેલાઈટ,
અમદાવાદ-૩૮૦ ૦૧૫.
ફોન : (૦૭૯) ૨૬૮૭૨૩૫૦

મૂલ્ય : રૂા. ૨૦/-
વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/-

**આવરણ**
આકલ્પન હની કંસારા
સૌજન્ય : ધવલ એડ્સ

'જ્ઞાતિ સેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## પ્રમુખશ્રીનો સંદેશ....

કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિના ઈતિહાસનું સુવર્ણ-પૃષ્ઠ એટલે ભુજ જ્ઞાતિ આયોજીત, નવ-નિર્મિત, મંદિર મૂર્તિ-પ્રતિષ્ઠાન મહોત્સવ. આ મહોત્સવ માણવાનો, આપણા ઈષ્ટદેવોના આશિર્વાદ લેવાનો, તથા દેશ-વિદેશનાં આપણા આપ્તજનોને જાણવાનો, જે અવસર અમને મળ્યો તે બદલ હું ભુજ જ્ઞાતિ વડીલોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરૂં છું. આ ભવ્ય સમારંભનું સમાયોજન, કાર્યકરોની સમર્પિત ભાવના અને ભુજ જ્ઞાતિ-વડીલોનું વાત્સલ્યનું ઠેરઠેર દર્શન, સામૂહિક કાર્યક્રમના સુચારૂ સંચાલન માટે દિશા નિર્દેશક હતું. આપણી સમસ્ત જ્ઞાતિના શિરમોર સમી ભુજ જ્ઞાતિને આવા અવસરો ઉજવવાની અનેક તકો મળે અને બધાંને એનો લાભ મળે તેવી ઈષ્ટદેવને પ્રાર્થના...

*મનુભાઈ કોટડીયા*

## તંત્રી સ્થાનેથી....

### એકતાને આવકાર

દેશ વિદેશમાં વસતા આપણા સમાજના પરિવારો માટે કચ્છ અને ભુજ સદાય 'હૃદયસ્થ' હોય છે. તાજેતરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ આ સત્યનું સાક્ષી છે. આપણા વચ્ચે વસવાટનું 'અંતર' ગમે તેટલું હોય પરંતુ - 'અંતર'નું ઐક્ય હંમેશાં અકબંધ રહે છે. એનું બીજું પ્રતિબિંબ આપણું મુખપત્ર 'સેતુ' છે. એનું પ્રકાશન - સંયોજન ભલે અમદાવાદી છે પરંતુ એની સામગ્રી 'સાર્વત્રિક' છે. તાજેતરમાં અમદાવાદ જ્ઞાતિમંડળ કારોબારીએ સર્વાનુમતે અંજારની બાળા કુ. એકતા કટ્ટાને સેતુ તંત્રી મંડળમાં સ-સન્માન સમ્મિલિત કરવાનો નિર્ણય લીધો છે. સેતુ-પરિવાર તરફથી કુ. એકતાને હાર્દિક આવકાર. સેતુનો પ્રત્યેક અંક કુ. એકતાની તેજસ્વી કલમની શાખ પૂરે છે. કચ્છમાં આપણા પરિવારોમાં, સેતુ, યત્ર-તત્ર-સર્વત્ર વર્તાય છે, તેમાં પણ કુ. એકતાની સમાજ-નિષ્ઠા અને સતત મહેનતનું સારું યોગદાન છે.

કુ. એકતાનો સેતુ-તંત્રીમંડળમાં સમાવેશ એક બીજી મહત્ત્વની વાતનું સૂચક છે અને તે એ કે 'સેતુ'નું સંપાદન 'સહિયારું' છે. એને કોઈ ભૌગોલિક સીમાબંધન નથી. આપણા સમાજના યુવાવર્ગને મારું આહવાન છે કે, જેની પાસે 'કલમ', 'કલ્પના' અને સમાજ માટે 'કંઈક' કરી છુટવાની 'કશીશ' હોય તે આવો, ઉગતી પેઢીની આકાંક્ષાના સૂર, 'સેતુ' દ્વારા રેલાવો અને વિવિધ સ્થળે વસતા આપણા આપ્તજનો વચ્ચે 'સંવાદનો સેતુ' સુદ્રઢ બનાવો. અસ્તુ.

*હંસરાજ કંસારા*

*With Best Compliments*



# LAXMI GROUP

CHANDU J. SONI

## Laxmi Pipe Traders

● Sharp & Kirloskar Pumps ● Tata & Swastik GI & MS Pipes ● 'Harsh' CP Fittings ● 'Supreme' PVC Pipes & Fittings ● GI & MS Fittings ● GM Valves & Cocks

RG-3, Vikas Bazar, Civic Centre, Marhatal, Jabalpur, Tel. : (O) 2310488 (R) 2610145, 5004479

## Laxmi Steel

MS Black Pipes & Furniture Tubes

973, Ranital Chowk, Opp. Ranital Sports Complex, Jabalpur. Tel. : (O) 5004077 (R) 2610145, 5004479

## Laxmi Industrial

Manufacturers of 'LAXMI' Brand G.I. Bucket

Fact. : 24, Industrial Estate, Adhartal, Jabalpur. Tel. : (O) 2411298 (R) 2610145, 5004479

## Nilesh Pipe Agencies

● NECO CI Pipes & Fittings ● GIMS Pipes & Fittings ● KFAI CI Pipes & Fittings ● Royal Glazed Tiles ● Jhonson Sanataryware & Tiles.

Kanhaiya Market, Karamchand Chowk, Jabalpur Tel. : (O) 2402035 (R) 2610145, 5004479

## Nilesh Agencies

Authorised Dealer of : ● TATA Shakti GC Sheets ● TATA Iron & Steel Co. (Wire Div.) ● RAMCO AC Sheet – Ramco Ind. Ltd. ● FRP Sheet Laxmi Products

973, Ranital Chowk, Opp. Ranital Sports Complex, Jabalpur.
Tel. : (O) 2411298, 5004077 (R) 2610145, 5004479 Fax : (0761) 5016291, 2402035

# સેતુને સહકાર – સર્વે જ્ઞાતિ મંડળોનો એક નિર્ધાર

અતુલ સોની

''શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિનું એકમાત્ર મુખપત્ર 'સેતુ' અમદાવાદથી પ્રસિધ્ધ થાય છે પરંતુ તેનુ સ્થાન દરેક જ્ઞાતિજનના હૈયામાં જ છે'' સેતુ તો આપણુ સૌનુ સહિયારૂં છે અને તે તો જ્ઞાતિમાં પરસ્પર ઓળખનું મોટું સાધન બનશે.'' ભુજ મુકામે જ્ઞાતિ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન જ્ઞાતિજનોના મુખેથી આવા ઉદ્‌ગારો સાંભળવા મળ્યાં. છેલ્લા એક વર્ષ જેટલા સમયથી સેતુને ઘેર ઘેર પહોંચાડવા અનેક કાર્યકરો તથા જ્ઞાતિ અગ્રણીઓ જે જહેમત ઉઠાવી રહ્યા છે તે ખરેખર પ્રશંસનીય છે. સેતુ હાલમાં લગભગ ૫૧ જેટલા ગામો-શહેરોમાં પહોંચી શક્યું છે.

તા. ૧૬-૨-૦૬ના રોજ અમદાવાદ જ્ઞાતિના હોદ્દેદારો સેતુના કાર્યકરો-સર્વશ્રી મનુભાઇ કોટડીયા, અતુલ સોની, શૈલેષ કંસારા તથા રાજેન્દ્ર સોનીને ભુજના મંદિર પ્રતિષ્ઠા મહોત્સવમાં કચ્છ અને કચ્છ બહારથી પધારેલ અનેક મહેમાનો સાથે પરસ્પર ઓળખની તક મળી. સેતુ વિશે સામાન્ય જ્ઞાતિજનથી માંડી કાર્યકરો અને જ્ઞાતિ અગ્રણીઓએ જે લાગણી દર્શાવી તે ખરેખર હૃદય સ્પર્શી હતી. મંદિર મહોત્સવનો માહોલ અદભૂત હતો. વિશેષ ઉલ્લેખનીય એ છે કે સર્વ કાર્યકરો જાણે શિસ્તબધ્ધ સૈનિકો હોય તે રીતે તેમના નેતા દ્વારા કરવામાં આવેલ ઝીણવટ ભર્યા આયોજનને ભારે જહેમત ઉઠાવી ઉત્સાહ અને ઉમંગભેર પાર પાડી રહ્યા હતા.

ભુજ જ્ઞાતિએ સમસ્ત કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિમાં એકતાનો એક સંદેશો આપ્યો. બહારગામથી પધારેલ સર્વે જ્ઞાતિ પ્રમુખો અને હોદેદારોને શાલ તથા મોમેન્ટો આપી વિશેષ સન્માનિત કરવામાં આવ્યા. આ પ્રસંગે સન્માન બાદ વિવિધ જ્ઞાતિમંડળોના હોદેદારો-કાર્યકરોને પરસ્પર ઓળખની એક વિશેષ તક મળી હોય તેમ સ્વયંભુ રીતે એક મીટીંગ થઇ ગઇ. જેમાં સર્વશ્રી જયંતિભાઇ સાકરીયા (પ્રમુખ, મુંબઇ જ્ઞાતિ), રમેશભાઇ બગ્ગા (ખજાનચી, પ.કચ્છ જ્ઞાતિ), પ્રેમજીભાઇ સોની, (પ્રમુખ, સાબરકાંઠા જ્ઞાતિ), શીવલાલભાઇ સોની (પ્રમુખ માંડવી જ્ઞાતિ), અરૂણભાઇ કંસારા (પ્રમુખ ઉત્કર્ષ મંડળ ગાંધીધામ), મનુભાઇ કોટડીયા (પ્રમુખ અમદાવાદ જ્ઞાતિ), ભરતભાઇ સોની (મંત્રી ઉત્કર્ષ મંડળ ગાંધીધામ), હિંમતલાલ સોની (નખત્રાણા), અતુલ સોની, શૈલેષ કંસારા, રમેશભાઈ સોની, રાજેન્દ્ર સોની (અમદાવાદ), રમેશભાઇ સોલંકી (માંડવી), હેમેન્દ્રભાઇ કટ્ટા (અંજાર), લક્ષ્મીદાસ સાકરીયા (ભુજ), ભીખુભાઇ સોની (માધાપર), સુરેશભાઇ સોલંકી (માંડવી), જેઠાલાલ જીવરામ સોની (તલોદ), દિપકકુમાર બારમેડા (કેરા), કુ. એકતા કટ્ટા (અંજાર) સહિત અન્ય કાર્યકરોએ હાજરી આપેલ. આપણી જ્ઞાતિના સર્વાંગી વિકાસ માટે સર્વે જ્ઞાતિ મંડળો સાથે મળી સહિયારા પ્રયાસો કરે તે માટે સર્વે વિવિધ સુચનો રજુ થયા. શ્રી રમેશભાઇ બગ્ગા (પ. કચ્છ)એ ગ્રામ્ય વિસ્તારમાં વસતાં આપણા જ્ઞાતિ પરિવારોને વિકાસ યાત્રામાં સાંકળી લેવા ગ્રામ પ્રવાસનો વિચાર રજુ કરેલ. શ્રી ભરતભાઇ સોની તથા અરૂણભાઇ કંસારા એ અખિલ કચ્છ સમાજ ઉત્કર્ષ મંડળ દ્વારા કરવામાં આવી રહેલ પ્રવૃત્તિઓની જાણકારી આપી સમસ્ત જ્ઞાતિમાં એકતા સ્થાપવા માટેની જરૂરિયાત પર ભાર મુકેલ. શ્રી અતુલ સોની દ્વારા અમદાવાદ જ્ઞાતિ દ્વારા આરોગ્ય ક્ષેત્રે કરવામાં આવેલ પહેલ તથા મેડીકલ ફંડ વિશે માહિતી આપેલ. સમગ્ર ચર્ચા દરમિયાન જ્ઞાતિ હિત માટે સૌ સાથે મળી કાર્ય કરવાની ઈચ્છા ધરાવે છે તેવી લાગણી સતત વ્યક્ત થતી હતી. ભુજ જ્ઞાતિના અગ્રણીઓ કાર્યક્રમમાં વ્યસ્ત હોવાથી હાજર ન હતા. સૌ સાથે મળી પોતાના વિચારો વ્યક્ત કરી શકે અને જ્ઞાતિ વિકાસ કાર્યને વેગ આપી શકાય તે માટે એક સેમિનારનું આયોજન જરૂરી હોવાની ચર્ચા થયેલ. આશા છે આગામી સમયમાં સૌના સાથ સહકારથી શક્ય બનશે જ.

સેતુના વ્યવસ્થા તંત્રને સુદૃઢ કરવા અમદાવાદના સેતુ કાર્યકરો સાથે કચ્છના સેતુ પ્રતિનિધિઓની એક મિટીંગ તા. ૧૭.૨.૦૬ ના રોજ ભુજ મુકામે યોજાઇ. મિટીંગમાં ભુજના સર્વશ્રી કમલેશ પોમલ, વિજયભાઇ બુધ્ધભટ્ટી, અનીલ બારમેડા, ગૌતમ સોની, લક્ષ્મીદાસ સાકરીયા, માધાપરના શ્રી હિતેશ સોની, અંજારના શ્રી હેમેન્દ્ર કંસારા તથા એકતા કટ્ટા, વિ. હાજર રહી સેતુ વિતરણ વ્યવસ્થા મજબુત કરવા વિવિધ સુચનો કરેલ. સેતુના નવા લવાજમ લેવા, જુના સભ્યોના લવાજમ રીન્યુ કરવા, જાહેરાતો લેવા તથા સેતુ માટે લેખો, માહિતિઓ વિ. તૈયાર કરવા જ્ઞાતિજનોને પ્રેરણા આપવા જેવા કાર્યો કરવા માટે યોગદાન આપવા સૌ પ્રતિનિધિઓએ ભારે ઉત્સાહ દર્શાવેલ છે. 'સેતુ' દરેક જ્ઞાતિ પરિવારના દ્વારે મિશન માટે કામ કરવા સૌએ તૈયારી દર્શાવેલ છે તે માટે સમગ્ર સેતુ પરિવાર તરફથી તેઓ અભિનંદનને પાત્ર છે. ભુજ જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલ જે સોલંકી, ચંદુભાઇ જટુભાઇ સોની, પ્રાણલાલ નરભેરામ સોની, સુનીલભાઇ કંસારા, નિતીનભાઇ હેળાઉ, પ્રભુદાસ ખેતસી સોની સહિત ભુજના સર્વે અગ્રણીઓએ સેતુ માટે સંપૂર્ણ સાથ આપવા ખાત્રી આપેલ છે. સૌના સહકારથી સેતુ ઉત્તરોત્તર વિશેષ પ્રગતિ કરશે તેમાં શંકાને સ્થાન નથી.

ભુજ પ્રવાસ દરમિયાન સતત સાથે રહી અમુલ્ય સહકાર આપવા બદલ શ્રી લક્ષ્મીદાસ સાકરીયાને ખુબ ધન્યવાદ

# અખિલ કચ્છ સમસ્ત મારૂ કંસારા સોની સમાજ ઉત્કર્ષ મંડળ - ગાંધીધામ

## સ્વ. મણિબેન ઠાકરશી કંસારા મેમોરીયલ મેડિકલ રીલીફ ફંડ

સમગ્ર કચ્છમાં સ્વાસ્થ્ય ક્ષેત્રે સેવાઓના વિસ્તરણની આવશ્યક્તાને અનુલક્ષીને ઉપરોક્ત મંડળે, સમાજના અગ્રણીઓના પ્રોત્સાહન અને સક્રિય સહયોગથી, "સ્વ. મણિબેન ઠાકરશી કંસારા મેમોરીયલ રીલીફ ફંડ"ની રચના કરી છે. આ ફંડ અંતર્ગત, ઉત્કર્ષ મંડળ અને સહિયર પ્રગતિ મહિલા મંડળ, ગાંધીધામના સંયુક્ત ઉપક્રમે માર્ચ માસ દરમ્યાન બે કાર્યક્રમોનું આયોજન થયું. ઉત્કર્ષ મંડળના સહમંત્રી અને પ્રવક્તા શ્રી પ્રકાશ સોનીએ આ સંદર્ભે મોકલેલા અહેવાલોનો સંક્ષેપ અત્રે પ્રસ્તુત છે.



*સ્વ. મણિબેન ઠાકરશીભાઈ કંસારા મેમોરીયલ મેડિકલ રીલીફ ફંડની સ્થાપના બિરદાવતા કુલગુરૂ પ.પૂ.કનકચંદ્ર વ્યાસ.*

## સાર્વજનિક નિઃશુલ્ક આરોગ્ય સેવા શિબિર

### પ્રથમ શિબિર : તા. ૧૨-૦૩-૦૬

સ્વ. મણિબેન ઠાકરશી કંસારા મેમોરીયલ રીલીફ ફંડ અંતર્ગત પ્રવૃત્તિઓનો શુભારંભ, આદિપુર મુકામે, બહુજન હિતાય, ટ્રસ્ટ સંચાલિત, કરૂણાવિહાર કન્યા સદનની છાત્રાઓના મેડિકલ ચેક-અપથી થયો. કાર્યારંભે સભાને સંબોધતાં, ઉત્કર્ષ મંડળના પ્રમુખશ્રી અરૂણકુમાર ઠાકરશીભાઈ કંસારાએ મેડિકલ રીલીફ ફંડની 'સાર્વજનિક સ્વાસ્થ્ય લક્ષી' સેવાઓની પ્રસ્તાવના આપી, સહયોગી સંસ્થા તેમજ માનદ્ ચિકિત્સા સેવા આપવા બદલ ડો. (શ્રીમતી) રજનીબેન ભાટીયા તથા રામબાગ સરકારી હોસ્પિટલ, આદિપુરના મેડિકલ ઓફિસર ડો. હિમાંશુ મકવાણાનો આભાર માન્યો હતો. સહિયર જાગૃતિ મહિલા મંડળ દ્વારા છાત્રાઓને આરોગ્યપ્રદ ભોજન પણ આપવામાં આવ્યું હતું.



→ ***<u>પ્રથમ શિબિર</u>***

*કરૂણા-વિહાર કન્યા સદનની છાત્રાઓની સ્વાસ્થ્ય ચિકિત્સા સાથે શિક્ષણ આપતા ડો. રજનીબેન ભાટીયા અને ડો. હિમાંશુ મકવાણા.*



→ ***<u>દ્વિતીય શિબિર</u>***

*હાર્ટ સ્પેશ્યાલીસ્ટ ડો. સુધીર સાકરીયા દર્દીનું રક્ત-ચાપ ચકાસે છે.*

### દ્વિતીય શિબિર : તા. ૧૯-૦૩-૦૬

ઉપરોક્ત રીલીફ ફંડ અંતર્ગત દ્વિતીય શિબિરનું આયોજન વૈદિક સંસ્કાર કેન્દ્ર, આર્ય સમાજ, ગાંધીધામ મધ્યે થયું. આ શિબિરમાં હાર્ટ સ્પેશ્યાલીસ્ટો ડો. એમ. ડી. દવે - ભુજ અને ડો. સુધીર સાકરીયા - ગાંધીધામ; સ્ત્રી-રોગ નિષ્ણાત ડો. (શ્રીમતી) હિરેમઠ, રામબાગ સરકારી હોસ્પિટલના મેડિકલ ઓફિસર ડો. હિમાંશુ મકવાણા અને ફિઝીયોથેરાપીસ્ટ ડો. ચેતન હીરાલાલ સોનીએ તેમની માનદ્ સેવાઓ આપી હતી, જેનો લાભ, મોટી સંખ્યામાં, વિવિધ પ્રકારના દર્દીઓએ, લીધો હતો. આ શિબિરના ઉદ્ઘાટનમાં આશિર્વચન આપતાં, કંસારા સોની સમાજના કુલગુરૂ પ.પૂ.કનકચંદ્ર વ્યાસે, ઉત્કર્ષ મંડળ સ્વાસ્થ્ય ક્ષેત્રે આવશ્યક સેવાલક્ષી પ્રવૃત્તિઓની પહેલરૂપી મેડિકલ રીલીફ ફંડની સ્થાપનાને બિરદાવી હતી. ઉત્કર્ષ મંડળના પ્રમુખ શ્રી અરૂણકુમાર ઠાકરશીભાઈ કંસારાએ કુલગુરૂ શ્રી વ્યાસ તેમજ સેવાભાવી મેડિકલ નિષ્ણાતો, સહયોગી સંસ્થા અગ્રણીઓ તથા રાહતદરે દવાઓના વિતરણ બદલ સન મેડિકલ સ્ટોરનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમજ બંને આયોજક સંસ્થાના સમર્પિત અગ્રણીઓ તથા કાર્યકરોને બંને શિબિરોનાં સુચારૂ સંચાલન બદલ અભિનંદન આપ્યા હતા.

# સ્વ. સોની ખેતશી ખેંગાર સ્મૃતિ પાર્કનું નિર્માણ

ભુજ મધ્યે, નાગરિક સોસાયટી, હોસ્પિટલ રોડ જેવા સધ્ધર અને વિશાળ વિસ્તારમાં સુંદર પાર્કનું નિર્માણકાર્ય શ્રી ખેતશીભાઈ ખેંગાર સોનીના સુપુત્ર પ્રભુદાસભાઈનાં હસ્તે થયું છે. ૭૫૦ મીટરના વિસ્તારમાં નાનકડા સ્ટેજ તથા વિવિધ વ્યવસ્થાવાળા આ પાર્કની ડિઝાઈનિંગ શ્રી પ્રભુદાસભાઈના આયોજન તથા સિટી એન્જીનીયર્સ, ભુજના શ્રી આશિષ ક્ષત્રિય દ્વારા કરવામાં આવ્યું છે. આ પાર્કના કેન્દ્રમાં સીનીયર સિટીઝન્સ માટે એક લાઈબ્રેરીનું આયોજન કરવામાં આવ્યું છે. બાળકો માટે અઠવાડિયામાં બે વખત સ્ક્રીન શો - ચિલ્ડ્રન્સ ફિલ્મ્સ યોજવાની વ્યવસ્થા પણ છે.

આ પાર્કમાં ભવિષ્યમાં સોસાયટી માટે નવરાત્રી તથા સોસાયટીના નાના-મોટા પ્રસંગોનું આયોજન થઈ શકે તેવી વ્યવસ્થા કરવાનું શ્રી પ્રભુદાસભાઈએ જણાવ્યું હતું.

પાર્કની દેખરેખ માટે એક નાનુ કુટુંબ ત્યાં રહી શકે તે માટે પણ રૂમ રસોડાની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ પાર્ક નિર્માણમાં શ્રી પ્રભુદાસભાઈ સતત ૬ મહિના સુધી વ્યસ્ત રહ્યા અને પાંચ લાખ રૂપિયાનું આર્થિક યોગદાન આપ્યું. ઉપરાંત દર વર્ષે અંદાજે પચાસ હજાર રૂપિયા આપવાનું શ્રી પ્રભુદાસભાઈએ જણાવ્યું હતું.

સેવાભાવી પિતાની સેવાભાવના અને કાર્યોને વેગવંતા કરનાર એમના સુપુત્ર શ્રી પ્રભુદાસભાઈએ એમના પિતાશ્રીની સેવા સ્મૃતિ હેતુ જે 'નંદનવન'નું સ્વપ્ન સાકાર કર્યું તે બદલ તેમને 'સેતુ'ના હાર્દિક અભિનંદન.

***સમાચાર સંકલન : કુ. એકતા કટ્ટા***

### ભુજ વિજયનગર વિસ્તારમાં સ્વ. ખેતશી ખેંગાર સોની ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નિર્મિત બાગનું લોકાર્પણ

*રોટરી હોલની બાજુમાં આવેલા આ નૂતન બગીચાનું રવિવાર તા. ૫-૩ના સાંજે ૬.૩૦ વાગ્યે વરલીવાળા સંત શ્રી પુરુષોત્તમદાસજી તથા કબીર મંદિરવાળા શ્રી કિશોરદાસજીની ઉપસ્થિતિમાં લોકાર્પણ થયું. આ પ્રસંગે ભુજના નગરપતિ બાપાલાલભાઈ જાડેજા અને બાગનું નિર્માણ કરનાર સ્વ. સોની ખેતશી ખેંગાર ચેરિટેબલ ટ્રસ્ટના પ્રભુદાસભાઈ સોની તેમજ અન્ય અતિથિઓ હાજર હતા.*

*આ ઉદ્યાનમાં બાળકો માટે રમતગમતના સાધનો અને સીનીયર સિટીઝનો માટે પુસ્તકાલયનું પણ આયોજન છે. જિલ્લા કલેક્ટર પ્રદીપ શર્મા તથા 'ભાડા'ના મુખ્ય કારોબારી અધિકારી કૌશિક થાનકીએ આ સ્થળ વિકસાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. ભુજ ઈંગ્લીશ સ્કૂલની સામે અજરામર બાગ બાદ આ વિસ્તારને આ બગીચાથી આનંદપ્રમોદનું કેન્દ્ર પ્રાપ્ત થશે.*

*સૌ. કચ્છ મિત્ર*











# પુણ્યાત્માનો પરિચય



આ પાર્ક સાથે જે સેવાભાવી સદ્‌ગૃહસ્થની સ્મૃતિ સદા સચવાયેલી રહેશે, તેમનો પરિચય સંક્ષેપ અત્રે પ્રસ્તુત છે.

બેઠી દડી, એકવડો બાંધો, વાત્સલ્યસભર વદન, અંગે ખાદીનો ઝભ્ભો અને ધોતિયું, એક હાથમાં ટિફીન અને બીજા હાથમાં ફળો અને દવાઓની થેલી સાથે આ સીધાસાદા એકલપંથી મિતભાષી માડુ ભુજની જનરલ હોસ્પિટલમાં કોઈ દર્દીની પથારી નજીક પહોંચે ત્યારે એ દર્દીની આંખોમાં એમના માટેનો અહોભાવ સ્પષ્ટ વરતાય. આ વિરલ વ્યક્તિનું નામ માત્ર હોસ્પિટલ પૂરતું જ જાણીતું નથી. ભુજવાસીઓ અને કચ્છના અનેક ગ્રામવાસીઓ માટે આજે પણ એમનું નામ 'આદરયુક્ત' છે. સન ૧૯૯૩માં ભુજ નગરપાલીકાએ સ્વ. ખેતશીબાપાની 'સેવા સ્મૃતિ જાળવવા ભુજની સદા હસતી અને વસતી બજાર કંસારા ચોકથી લોહાર ચકલા સુધીના માર્ગને, સોની ખેતશી ખેંગાર પાર્ક નામકરણ કર્યું હતું. તો હવે, ભુજના હૃદયસમા વિસ્તારમાં જાતપાત, આયુ કે આવક કોઈ પણ પ્રકારના ભેદ વિના આબાલવૃધ્ધ સહુ કોઈ બેઘડી વિસામો લઈ શકે આશાયેરા મેવી શકે તેવા અદ્યતન ઉદ્યાન સાથે એમનું નામ યોગ્ય રીતે જોડાય છે.



પ્રભુદાસભાઈ ખેતશીભાઈ સોની

શ્રી ખેતશીભાઈનો જન્મ તા. ૧૩-૯-૧૮૯૬ના રોજ ભુજ તાલુકાના માનકુવા ગામમાં, શ્રીમતી ગંગુબાની કુખે થયો. એમના પિતાશ્રીનું નામ ખેંગારભાઈ. જાતે કચ્છી મારૂ કંસારા સોની. વ્યવસાય સોની કામ. માનકુવામાં એમની નાનકડી દુકાન હતી. ઉંમરલાયક થતાં એમણે પૈતૃક વ્યવસાય સંભાળી લીધો. પ્રેમુબેન સાથે એમનાં લગ્ન થયાં. ઘરગૃહસ્થી સંભાળી. દંપતિને કુલ આઠ સંતાન - ચાર પુત્ર અને ચાર પુત્રી. સમય જતાં પુખ્ત થયેલા એક પુત્ર શ્રી પ્રભુદાસભાઈએ ભુજમાં સોના-ચાંદીની દુકાન કરી.

શ્રી ખેતશીભાઈએ પણ એમની સાથે ભુજમાં વસવાટ કર્યો. ગામડાનો જીવ. શરૂઆતમાં તો ગોઠ્યું નહીં. બીમાર પડ્યા. બીમારી દરમ્યાન હોસ્પિટલમાં એમણે ગામડાઓમાંથી આવતા ગરીબ દર્દીઓની હાલત જોઈ. સ્વભાવે બાળપણથી જ માયાળુ એટલે સહેજે અનુકંપિત થયા અને એમણે એમના નિવૃત્તિકાળની એક પ્રવૃત્તિ તરીકે આ સેવા કાર્યનો આરંભ કર્યો. એમનું આ સેવાકાર્ય એમના જીવનના અંતિમ શ્વાસ સુધી એમણે તેમજ એમના પરિવારે સતત જાળવી રાખ્યું. શ્રી ખેતશીબાપા જ્યાં સુધી જીવિત રહ્યા ત્યાં સુધી તેઓ જાતે જ કાર્ય કરતા. દર્દીઓને દરરોજ રૂબરૂ મળવું. એમાંના જે જરૂરતમંદ હોય તેમને આવવા જવાના ભાડા સહિત દવાઓ, ફળફળાદી અને ભોજન જાતેજ પહોંચાડ્યું. એ એમનો નિયમ હતો.

એમના સુપુત્ર શ્રી પ્રભુદાસભાઈએ કહ્યું કે, "બાપુજી, દરરોજ સવારે પૂજા-પાઠ કરી રૂપિયા લઈ બજારમાં નીકળે. કોઈ સામું મળે અને કહે, ખેતશીબાપા, મને ૨૫ રૂપિયાની જરૂરત છે. બાપુજી એન તરત રૂપિયા આપી દે. કોઈ કહે, ખેતશીબાપા મને ૧૦૦ રૂપિયાની જરૂરત છે. બાપુજી એને નિરાશ ન કરે. સાંજે જ્યારે પાછા અમને મળે ત્યારે અમને કહે, આજે આટલા રૂપિયા વધ્યા, તો ક્યારેક કહે, આજે બધા પૈસા વાપરી આવ્યો. બાપુજીએ હંમેશા પોતાના હાથે જ કામ કર્યું છે અને આજે બાપુજીનું વાવેલ અમે લણી રહ્યા છીએ."

શ્રી ખેતશીબાપા ૯૫ વર્ષની ઉંમરે તા. ૪-૧-૧૯૯૨ના રોજ નિર્વાણ પામ્યા. પરંતુ, તેઓના આદર્શ કાર્યોને તેમના પુત્રો પિતાનાં અમૂલ્ય વારસાની જેમ જતન કરી સતત વધારતા રહ્યા છે. શ્રી રામમાં અતૂટ શ્રધ્ધા ધરાવનાર અને પ.પૂ.શ્રી મોરારીબાપુને ગુરૂ સમાન માનનાર શ્રી પ્રભુદાસભાઈ રામાયણની ચૌપાઈ "રઘુકુલ રીતિ સદા ચલી આઈ..."ની જેમજ પિતાનાં આદર્શ કાર્યોનાં વારસાનું સુપેરે જતન કરી રહ્યા છે.

સન ૧૯૯૫માં શ્રી સોની ખેતશી ખેંગાર ચેરીટેબલ ટ્રસ્ટનું નિર્માણ કર્યું. આ ટ્રસ્ટ દ્વારા કોઈપણ નાત-જાતના ભેદભાવ વગર ગામડાઓમાં દર મહિને ઘઉંનું વિતરણ કરવું, દવા તથા ફળનું વિતરણ કરવું, નિઃશુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન કરવું, શિયાળામાં ધાબળાનું વિતરણ કરવું, વિદ્યાર્થીઓ માટે રાહતદરે નોટબુકોનું વિતરણ તથા જરૂરતમંદ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક શાળાકીય સુવિધાઓ (ચોપડાઓ, અભ્યાસ ફી, ગણવેશ વિગેરે) આપવાનું કાર્ય શ્રી પ્રભુદાસભાઈ કરી રહ્યા છે.

બરોડાની ફોરેન મિશનરી તથા રોટરી ક્લબના સંયુક્ત ઉપક્રમે, જેમને જન્મતા જ હોઠમાં ખોડ હોય (ફાટેલ હોઠ) તેમના ઓપરેશનના શિબિરના આયોજનમાં શ્રી પ્રભુદાસભાઈ દ્વારા આર્થિક સહયોગ આપવામાં આવે છે.

છેલ્લા ત્રણ વર્ષથી રાજકોટના ડો. શ્રી લાભુભાઈના દાંત યજ્ઞનું આયોજન પણ શ્રી પ્રભુદાસભાઈ દ્વારા કરવામાં આવે છે.

કોઈપણ નાત-જાતના ભેદભાવ વગરના ઉપરોક્ત સેવાકીય કાર્યો ઉપરાંત શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજના વિદ્યાર્થીઓ માટે રાહતદરે નોટબુકોનું વિતરણ, જરૂરતમંદ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક શાળાકીય સુવિધાઓ તથા સ્કોલરશીપ આપવાનું કાર્ય શ્રી પ્રભુદાસભાઈ દ્વારા કરવામાં આવે છે. તદુપરાંત જ્ઞાતિનાં કોઈપણ કાર્યમાં શ્રી પ્રભુદાસભાઈ સદા અગ્રેસર હોય છે.

શ્રી સદવિચાર પરિવાર, ભુજમાં શ્રી ખેતશી બાપાએ પ્રમુખપદે યોગદાન આપ્યું હતું, તેવી જ રીતે શ્રી પ્રભુદાસભાઈ પણ શ્રી સદવિચાર પરિવાર, ભુજના પ્રમુખપદે યોગદાન આપી રહ્યા છે. આ પરિવારનાં સેવાકીય કાર્યોમાં શ્રી પ્રભુદાસભાઈ આર્થિક સહયોગ આપી રહ્યા છે.

સન ૨૦૦૧માં આવેલ વિનાશકારી ભૂકંપ બાદ માધાપર ખાતે એક રૂમ - રસોડાવાળા ૧૭ મકાનોનું નિર્માણ કરી, કશાય નાત-જાતના ભેદભાવ વગર, ચાર વર્ષ સુધી લોકોને નિઃશુલ્ક આવાસીય સુવિધા પૂરી પાડી હતી. તદુપરાંત મેડિકલ સહાય, ભોજન સહાય, ધાબળા વિતરણનું કાર્ય પણ કર્યું હતું. જેમાં ફક્ત ભુજ જ નહીં, પરંતુ આસપાસના ગામડાઓના લોકોને પણ સેવા આપી હતી.

*With Best Compliments From*

॥ જય હરી ॥
॥ જય ધાવડી માં ॥

**પ્રવિણભાઈ પાટડીયા**
**(રાજકોટવાળા)**



# ઝેવર સિલેક્શન

❖ આગ્રા કંપનીની બ્રાન્ડેડ પાયલ હોલસેલ તથા રીટેલ ભાવે મળશે.
❖ Latest Bombay OC કંપનીનાં ઝુડા / પાયલ મળશે.

*રાજકોટની દરેક આઈટમો બનાવનાર તથા વેચનાર*

**શામળાની પોળ સામે, ગ્રાઉન્ડ ફ્લોર, મદન ગોપાલ હવેલી રોડ, માણેકચોક, રાયપુર, અમદાવાદ. મોબાઈલ : ૯૮૨૪૦ ૨૪૯૪૯**

With Best Compliments From

# મે. દૈની જેન્સીલંલ ઈન્તરજી

**ચાંદીના ફેન્સી સાંકરા બનાવનાર**
**ACPL અને CBના સાંકરા વેચનાર**

નાની પોષાળ શેરી, શરાફ બજાર, ભુજ (કચ્છ) - ૩૭૦ ૦૦૧.
ફોન : (ઓ) ૫૭૦૮૯૮ (રે) ૨૫૩૮૬૮ મો. ૯૮૨૫૩ ૬૮૭૩૦

# શ્રી મારૂ કંસારા બ્રાહ્મણ સુવર્ણકારનો ઉત્પત્તિકાળ

**જયેશ ડી. સોની - સામત્રા**

ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાઓમાં સમગ્ર હિન્દુ સમાજ વર્ણ વ્યવસ્થા જેવી કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર જેવી ચાર શાખામાં વહેંચાયેલું છે. ચાર મુખ્ય ધારાઓમાંથી કાળક્રમે જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓનો ઉદ્ભવ થયો. દરેક જ્ઞાતિઓની પોતાની શૈલી તેમજ એક આગવી ઓળખ છે. ઘણી જ્ઞાતિઓ તેમના કર્મને આધારે પણ ઓળખાય છે. જેનાથી તેમની મૂળ જ્ઞાતિ આગળ જતાં ભૂંસાઇ જાય છે. અને એક નવી જ જ્ઞાતિ જન્મ લે છે.

''મનુ સ્મૃતિ''માં તેમજ આપણા અનેક પૌરાણિક ગ્રંથમાં વર્ણ જ્ઞાતિઓ તેમજ કર્મકારી જ્ઞાતિઓના સરસ ઉલ્લેખો છે. સંસ્કૃતિ તેમજ સભ્યતાના વિકાસની સાથે-સાથે જીવન ઉપયોગી વસ્તુઓની જરૂરિયાત વધતી ગઇ તેમ-તેમ વિવિધ રોજગારો અસ્તિત્વમાં આવ્યા. રોજગાર ધંધા ઉપરથી કારીગરોનો આખો વર્ગ જ્ઞાતિ તરીકે ઓળખાવા લાગ્યો. દા.ત. વણિક એટલે ''વાણિયા'', મીઠું વેચનાર ''નમકણ'', પાન વેચનાર 'તાંબુલિક', લોઢાનું કામ કરનાર 'લુહાર', વગેરે વગેરે. પ્રસ્તુત લેખમાં આપણે 'શ્રી મારૂ કંસારા' બ્રાહ્મણ સુર્વણકાર જ્ઞાતિ વિશે આ ચર્ચા કરીશું.

લલીતપુર જિલ્લામાંથી મળી આવેલ દસમી સદીના એક શિલાલેખમાં વિવિધ જ્ઞાતિઓની દુકાનોનો ઉલ્લેખ જોવા મળે છે. તેમાં 'કંસારા' અને 'સોનીની' દુકાનોનો પણ ઉલ્લેખ છે, જેમાં કાંસ્યનું કામ કરનાર 'કાંસ્યકાર' કહેવાયા છે, અને સુવર્ણનું કામ કરનાર 'સુવર્ણકાર' કહેવાયા છે. 'કંસારા' અને 'સોની' ઉપરોક્ત સંસ્કૃત શબ્દોના અપભ્રંશ છે. પ્રાચીન યુગમાં ધાતુઓમાં સૌથી વધારે ચલણ કાંસાનું હતું તેમાં ફક્ત વાસણો જ નહી પરંતુ વિવિધ પ્રકારના ઔજાર, હથિયાર, તોપો, સંગીતના સાધનો, મૂર્તિઓ, પ્રતિમાઓ, રમકડાંઓ વગેરેમાં ઉપયોગ થતો હોઇ તે ધાતુના નામ પરથી જ આપણી જ્ઞાતિ 'કંસારા' તરીકે પ્રસ્થાપિત થઇ. પરંતુ જ્યાં જ્યાં આપણી જ્ઞાતિઓ રોજગાર તરીકે સોના-ચાંદીનો ધંધો કરતા હતા ત્યાં ત્યાં તેઓ 'સુવર્ણકાર' એટલે 'સોની' તરીકે પ્રસ્થાપિત થયાં ભારત વર્ષના વિવિધ પ્રાંતોમાં આપણી જ્ઞાતિઓ આવેલી છે. જે વિવિધ નામે ઓળખાય છે. આપણી જ્ઞાતિઓ અલગ અલગ પ્રદેશોમાં 'કંસારા' 'સોની' કંસારી 'કાંસાર' 'ઠઠેરા' 'કંચોગર' 'કંસાલ' કમલાકર (દક્ષિણ ભારત) 'ગજેગરા' 'કમલાસેર' 'કંસેરા' 'ભરાવા' તરીકે ઓળખાય છે. આપણી જ્ઞાતિ વિશે ડૉ. અરૂણોદય જાની શ્રી જોરાવર સિંહ જાદવ જેવા અનેક સંશોધકોએ ઘણું જ સંશોધન કર્યું છે. પરંતુ ''ગ્લોરી ઓફ ક્રાસ્ટ્સ ટાઇપ એન્ડ રેશીઝ ઇન બરોડા'' ના કર્તા શ્રી ગોવિંદભાઇ હાથી નોંધે છે કે વડોદરાથી ૨૯ માઇલ પૂર્વમાં આવેલા પાવાગઢમાં પાંચ ભાઇઓએ મહાકાલિકાનું તપ કર્યુ હતું. તેમની ભક્તિથી પ્રસન્ન થયેલા કાલિકા માતાજીએ એમને ધાતુ ગાળીને આજીવિકા રળવા કહ્યું. સમય જતાં તે ભાઇઓની અલગ અટકો પડી. જેમાં બગાયા (બગ્ગા) બારમાલાયા (બારમેડા) બુધ્ધભાટી (બુધ્ધભટ્ટી) ગોહિલ, કરકરીયા, પરમાર, સોલંકી એક જાતે કરકરીયા, ભાટી અને ત્યારબાદ સાકરીયા કહેવાયા. તેમજ રાજ્યના રાજવીઓની (રાજાઓની) અટકો ઉપરથી પણ આપણી અલગ અલગ અટકો તેમજ વિસ્તાર અને પ્રાંતો પરથી પણ ઓળખાઇ. આ સિવાય એક પૌરાણિક કથા અનુસાર કામધેનુ ગાય પડાવી લેવા બાબતે જયદર્શન ઋષિની હત્યા તેમના જમાઇ સહસ્ત્રાર્જુને કરી જમદગ્નિ ઋષિના પુત્ર પરશુરામે પોતાના બનેવી સહસ્ત્રાર્જુનની હત્યા કરી અને સમગ્ર પૃથ્વીને નક્ષત્રીય કરવાની પ્રતિજ્ઞા લીધી પરંતુ એની બહેનની આજીજીને કારણે એના ભાણેજોને જીવીત રાખ્યાં — એ શરતે કે તેમને ક્ષત્રિય વર્ણ છોડીને બ્રાહ્મણ વર્ણ સ્વીકારવો. આમ જોઇએ તો સહસ્ત્રાર્જુન આપણા મૂળ પુરુષ લેખાય અને પરશુરામ આપણા આયુ ગોત્ર ગણાય. જેમના આપણે સૌ સંતાનો છીએ. આગળ જતાં આજીવિકા માટે પરશુરામ ભગવાનના કહેવાથી તેમના પાંચે ભાણેજોએ માતા કાલિકાનું તપ કર્યુ. શ્રી કાલકામાંએ તપથી પ્રસન્ન થઇને તેમના કુળદેવી થવાનું સ્વીકાર્યું તેમજ માં શારદા અને ભગવાન વિશ્વકર્માનું આહ્વાન કર્યુ. આહ્વાન કરી આપણને ધાતુ ગાળવાનો કસબ શીખવાડ્યો અને ઓજારો આપ્યા. ઉપરોક્ત કથા ''પદમ પુરાણના'' ઉત્તરખંડ સાથે જોડાયેલી છે. જેનો કાલિકા પુરાણમાં વિસ્તૃત ઉલ્લેખ છે. જે ઉલ્લેખ ''શ્રી કાલિકા પુરાણ કંસારા જ્ઞાતિ ઉત્પત્તિ'' ડૉ. અરૂણોદય જાનીના પુસ્તકોમાં પણ ઉલ્લેખ છે. બ્રાહ્મણ કુળના સંસ્કારોના સિંચનને કારણે આપણા મૂળ સ્થાન મારવાડ (રાજસ્થાન)માં આજે આપણે બ્રાહ્મણીયા સોની તરીકે ઓળખાઇએ છીએ. રાજસ્થાનના બારમેડ ક્ષેત્રમાં સંવત ૧૨૬૮માં શ્રી પંછીદેવજી (બારમેડાના પુરસા) નામે એક દેવપુરુષ થયા. એવું કહેવાય છે કે તેઓશ્રી કાલભૈરવના અવતાર હતા. તેમના પૂર્વજ ધરમશી નામે થઇ ગયા, તેમણે આપણા સમાજને સંગઠિત કરવાના ઘણાં જ પ્રયત્નો કર્યા હતા. તે સમયે આપણા સમાજમાં ''કન્યા વિક્રય'' ની પ્રથા હતી જે તેમના પ્રયત્નોથી બંધ થઇ હતી. ધરમસિંહજીનો સમયગાળો વિક્રમ સંવત ૭૭૦નો મનાય છે. તે સમયથી

*With Best Compliments From*

**મે. સોની સુરેશકુમાર પ્રાગજી એન્ડ સન્સ**

# વૃંદાવન જ્વેલર્સ

**સોના ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર**

કંસારા બજાર, માંડવી, કચ્છ.
ફોન : ૨૩૧૪૫૭

**શ્રીજી જ્વેલર્સ**
રામપર-વેકરા. ફોન : ૨૭૨૭૬૯

**WITH BEST COMPLIMENTS FROM**

**પ્રફુલ એ. સાકરીયા**
**કલ્પેશ પી. સાકરીયા**
**ફોન : (રહે.) ૨૫૩૬૪૮ મો. ૯૮૨૫૧ ૯૨૬૧૭**

# કલ્પેશ
## ટુલ્સ સેન્ટર

***સોના ચાંદી કામના ઓજાર તથા જ્વેલરી બોક્ષ વેચનાર***

કંસારા બજાર, પીપળા ફળીયા પાસે,
ભુજ, કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.

આપણી જ્ઞાતિની અલગ-અલગ અટકો અને વંશાવલી બની હતી. આ કાર્ય માટે તેઓએ બાગૌરા જ્ઞાતિના ભાટ અને કુળના ગોર માટે સાચોરા બ્રાહ્મણની નિયુક્તિ કરવામાં આવી હતી. આજે આપણી '૮૪' અટકો નવગોત્રની બનેલી જ્ઞાતિ છે. જેમાં અલગ-અલગ શાખા-વેદ, ગોત્ર કુળદેવી, કુળદેવતા, સતીમાં અને ક્ષેત્રપાળ છે. તેમજ હિન્દુ સનાતન ધર્મની વર્ણ વ્યવસ્થા મુજબ આપણી જ્ઞાતિ બ્રાહ્મણ વર્ણની હોઇ આપણને જનોઇ (પરવર પાંચ) તેમજ શીખા (ચોટી) પણ ફરજિયાત છે.

''બોમ્બે ગેઝેટિયર'' (સ્વ. ભીમભાઇ કિરપારામ સંકલિત) અનુસાર કંસારા અને સોનીનુ કામ ઘરમાં કે દુકાનમાં ચાર-પાંચ ભાઇઓ સાથે મળીને કરતા. જેમાં ઘડવાનું, નક્શી કરવાનું, રેવવાનું અને વેપાર કરવાનું વગેરે અલગ-અલગ ભાઇઓ કરતા. જેમાં જે નિપુણ હોય તેને તે કામ સોંપાતું. જેમાં ઘરની સ્ત્રીઓ પણ મદદ કરતી. જેવું કે પોલિશ કરવું વગેરે બાબતે. જે-જે કુટુંબો જે કામ કરતા તેના ઉપરથી તે કુટુંબો ઓળખાતા. દા.ત. સરીવારા, કાંપવારા, કડલા વારા, બેરજાઇ (ટચ કાઢનાર) વગેરે વાસણોમાં, કળશિયાવારા, મંજિરાવારા, લોટાવારા વગેરે. જે અલગ અલગ ઓળખો આજે પણ ભુજ અને અંજારમાં જોવા મળે છે. અંજારમાં વાસણો, પાનદાની, ઘંટડી, ખડિયા, કલમ, ઘંટ, મૂર્તિઓ પગમાં બાંધવાના ઘૂઘરાઓ, મંજીરા, સાંકળો, દિવીઓ વગેરે જેવી વસ્તુઓને વિશ્વવિખ્યાત કરનાર આપણી જ જ્ઞાતિના ભાઇઓ છે. તેમજ ચાંદીમાં નક્શીકામ, મીનાકારી અને કચ્છ વર્કનું તેમજ પરંપરાગત આભૂષણોમાં અને કલાકૃતિઓમાં ભુજ તેમજ ગ્રામ્ય વિસ્તારના આપણા કારીગર ભાઇઓએ કામ કરીને વિશ્વમાં નામ કમાયા છે. ખાસ કરીને કલા (આર્ટ) સાથે આપણો લોહીનો સંબંધ રહ્યો છે. જેમાં ફોટોગ્રાફી પેન્ટીંગ અથવા તો ટેકનીકલ લાઇન જેમાં ઘડિયાળી, વાહન મેકેનિકલ મશીનરી ડિઝાઇન તરીકે આપણા સમાજના લોકો દક્ષ છે. જામનગરનો વિશ્વવિખ્યાત બ્રાસ ઉદ્યોગ. એમાં આપણી જ્ઞાતિનું મહત્વનું પ્રદાન છે. ખાસ કરીને રાજાશાહીના વખતમાં તામ્રપત્ર ઉપરના લેખો લખાતાં તેમજ ગંગાજળિયા લોટા ઉપર મહાભારત અને રામાયણ કાળના ચિત્રોનું આબેહૂબ નક્શીકામ કરાતી કલાકૃતિઓ જે આજે પણ 'દિલ્હિના ક્રાફ્ટ મ્યુઝિયમ' માં મૌજુદ છે. જે જોતાં જ મંત્રમુગ્ધ કરી દે છે. વર્ષો પહેલાં આપણા ભાઇઓએ બનાવેલ અષ્ટધાતુ અને પંચધાતુની તોપો ઘડિયાળો જે આજે પણ કલા જગતનાં ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. ભારતભરમાં યોજાતાં હસ્તકલા પ્રદર્શનોમાં ભારત સરકાર વતી હું પણ ભાગ લેતો હોઇ ભારતભરનાં વિવિધ પ્રાંતોમાં રહેતી આપણી જ્ઞાતિની મને ઘણી જ માહિતી તેમનાં સંપર્કમાં આવવાથી મળેલ છે. રાજસ્થાનનું મારવાડ ક્ષેત્ર એ આપણું મૂળ ક્ષેત્ર છે જેમાં આપણે બ્રાહ્મણિયા સોની તરીકે ઓળખાઇએ છીએ. ત્યાંથી અનેક કારણોસર આપણા ભાઇઓએ સિંધ (પાકિસ્તાન) ગુજરાત માલવ (મધ્યપ્રદેશ) સ્થળાંતર કર્યુ હતું. હું જ્યારે કુંભમેળા પ્રસંગે ઉજ્જૈન ગયેલો ત્યારે ત્યાં ''માલવ બ્રાહ્મણ સુવર્ણકાર'' સમાજનો એક ભવ્ય પંડાલ જોઇને ત્યાં રૂબરૂ મુલાકાત લેતાં જાણવા મળ્યું કે તેઓ મારવાડથી સંવત ૧૨૦૦થી ૧૫૦૦ના ગાળામાં માલવ પ્રદેશ આવેલાં જેમ આપણી માતૃભાષા મારવાડમાં મારવાડી છે ગુજરાતમાં ગુજરાતી તેમજ મધ્યપ્રદેશમાં હિન્દી છે. તેમજ સ્થાનિક ભાષાઓનો પણ ઉપયોગ જોવા મળે છે. દા.ત. લખપત અને અબડાસામાં જે આપણા કુટુંબો રહે છે તેઓ ઘરમાં અને વ્યવહારમાં કચ્છી ભાષાનો પ્રયોગ કરે છે પાકિસ્તાનનાં સિંધ પ્રાંતમાં કરાંચી અને હૈદરાબાદમાં આપણા ઘણાં જ ભાઇઓ સ્થાયી થયેલાં છે. સંવત ૧૬૦૦ના સમયમાં પાકિસ્તાનના હૈદરાબાદ શહેરમાં આવેલ કબીર ચૌરામાં આપણી ''બ્રાહ્મણ સુર્વણકાર રાત્રિ પાઠશાળા'' ચાલતી હતી. જેનાં અધ્યાપક પદે રાજસ્થાનના સાંચોરા બ્રાહ્મણ પં. નારાયણદત્ત (વ્યાસ) હતા. કચ્છમાં સ્થાયી થયાં તેને લગભગ સંવત ૧૨૦૦ થી ૧૫૦૦નો ગાળો કહી શકાય. કચ્છમાં મહારાજ ખેંગારજી પહેલાં (સંવત ૧૫૦૦)માં ઘણી જ કારીગર જ્ઞાતિઓ રાજસ્થાનથી કચ્છમાં આવેલી તે પૈકી આપણી જ્ઞાતિનાં કુટુંબો પણ ક્રમશઃ આવતા રહ્યાં. આજે ખાસ કરીને કચ્છ અને જામનગરમાં આપણો બહુ જ મોટો સમાજ છે આજના આધુનિક યુગમાં હવે ફક્ત આપણા પરંપરાગત વ્યવસાય સિવાય પણ અનેક ક્ષેત્રોમાં કાર્ય કરી રહ્યાં છે આપણી જ્ઞાતિનાં ઘણાં જ મહાનુભાવોએ અલગ અલગ ક્ષેત્રમાં જ્ઞાતિનું નામ ઉજવળ કર્યુ છે અને ઉજજવળ કરતાં રહે તેવી અભિલાષા સહ.

**હાઇકુ**

*બે હાથવાળા*
*હજાર હાથવાળા*
*ને પાય લાગ!*

*અંધારી રાતે*
*આકાશે મઢ્યા'તા*
*આભલા ઘણા!*

*તોફાનો આવે*
*જિંદગીની નાવમાં*
*ઝુઝવું પડે!*

**સોની જીનલ પી. - નાગલપર (માંડવી, કચ્છ)**

ભુજ જ્ઞાતિને મંદિર નવનિર્માણ બદલ અભિનંદન ★ શુભેચ્છક : જીતેન્દ્ર ડી. મણિયાર, મંગલમ્ જ્યોતિષ - અમદાવાદ

# મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજ

## મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અહેવાલ

*"પૃથ્વી ઉપર એક મંદિરનું નિર્માણ થાય એટલે અનેક લોકોના કલ્યાણનો અને ઉચ્ચ જીવનની પ્રેરણા માટેનો માર્ગ ખુલ્લો થાય છે."*

*– પ.પૂ. શ્રી પ્રમુખસ્વામિ મહારાજ*

તાજેતરમાં ભુજ મધ્યે જ્ઞાતિનાં પુનઃનિર્મિત મંદિર પરિસરમાં શ્રી મહાકાલીકા માતાજી તથા અન્ય દેવ-દેવીઓની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવે વિવિધ સ્થળેથી પધારેલા હજારો ભાવિક જ્ઞાતિજનોને આપણી જ્ઞાતિની સામુદાયિક 'એકતા' અને 'આરાધના'નો અહેસાસ કરાવ્યો.

આ ભવ્ય ઐતિહાસિક મહોત્સવની ઉજવણી વિશે મંદિર પુનઃનિર્માણ સમિતિનાં ચેરમેન શ્રી સુનીલભાઈ માધવજીભાઈ પોમલથી સહેજે કહેવાઈ ગયું કે, 'સમગ્ર જ્ઞાતિજનો સ્વયંભૂ કાર્યકર્તા અને મહોત્સવ માણનારા બન્યા.' આ મહોત્સવના સ્વર્ણિમ અંશો અત્રે પ્રસ્તુત છે.

૧૨મીથી ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૬ દરમ્યાન સવારે કંસારા બજારમાં મંત્રોચ્ચાર, શરણાઈ અને ઢોલનાં ધ્વનિથી પવિત્ર, શાંત અને પ્રસન્ન વાતાવરણની અનુભૂતિ થતી હતી. જ્ઞાતિ ગોર શ્રી સુમનલાલ ત્ર્યંબકલાલ વ્યાસ તથા અન્ય ૨૩ સહયોગી ભૂદેવો દ્વારા આ પાંચ દિવસીય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવની સમગ્ર ધાર્મિક પૂજન વિધિ સવારે ૯ થી ૧ સુધી અને બપોરે ૨થી ૭ સુધી સંપન્ન થતી. સાંજે ૭ કલાકે સાંય આરતી-પૂજન અને ધૂન-સંકીર્તનનું આયોજન થતું.

મૂર્તિ પ્રતિષ્ઠાની ધાર્મિક પૂજન વિધિઓ અંતર્ગત વિક્રમ સંવત ૨૦૬૨ મહાસુદ-૧૪ રવિવારે, તા. ૧૨-૨-૦૬ના દેહશુધ્ધિ, સત્યેશ પૂજા, વિષ્ણુ પૂજા, દશ વિધિ સ્નાન, લઘુરૂદ્ર, રૂદ્રાભિષેક; મહા સુદ-૧૫ સોમવારે, તા. ૧૩-૨-૦૬નાં ગણેશ પૂજન બાદ જલયાત્રા-નગરયાત્રા અને તેના અંતર્ગત ઉપલીપાળ રોડ, હાટકેશ્વર મંદિર પાસે કુમારીકાઓ દ્વારા કળશ ભરવા તથા મૂર્તિઓની સ્નાન વિધિ, છઠ્ઠીબારી રીંગ રોડ ઉપર, જલયાત્રા-નગરયાત્રાનાં માર્ગે મધ્યમાં પહોંચવાથી મુખ્ય યજમાન દ્વારા 'ખૂણા'ની પૂજન વિધિ, દેવોની સ્થાપના વિધિ; મહાવદ-૧ મંગળવારે તા. ૧૪-૨ના નૂતન મૂર્તિનો જલાભિષેક, સ્થાપિત દેવાધિ પૂજન, ગૃહહોમ, લઘુરૂદ્ર હોમ તથા શતચંડી યજ્ઞનો પ્રારંભ; મહાવદ-૨, બુધવારે તા. ૧૫-૨નાં સ્થાપિત દેવોનું પૂજન, નૂતન મૂર્તિના ધાન્યાધિવાસ, મૂર્તિનો ન્યાસ, ધ્વજપૂજન, કળશ પૂજન તથા શતચંડી યજ્ઞ અને મહા વદ-૩ ગુરૂવારે મૂર્તિ સ્થાપના, હોમ યજ્ઞ, મૂર્તિ પ્રતિષ્ઠા પૂજન વિધિ તથા યજ્ઞની પૂર્ણાહુતિ બાદ સંગીતમય મહાઆરતી સંપન્ન કરવામાં આવી.

યજ્ઞની પૂર્ણાહુતિ બાદ ભૂદેવોને દક્ષિણા - પહેરામણી અને શતચંડી યજ્ઞના મુખ્ય યજમાન સહિત અન્ય સહયોગી યજમાનોને પહેરામણી આપવાની વિધિ જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલભાઈ જેઠાલાલભાઈ સોલંકી અને ઉપપ્રમુખ શ્રી કિશોરભાઈ જટુભાઈ ચનાણી દ્વારા સંપન્ન કરવામાં આવી. ત્યારબાદ જ્ઞાતિનાં યુવાનો શ્રી ધ્રુવ પોમલ અને શ્રી મયૂર પોમલ સંચાલિત હનીટુન ઓરકેસ્ટ્રા દ્વારા સંગીતમય મહાઆરતીનો આસ્વાદ જ્ઞાતિજનોએ આનંદભેર માણ્યો.

મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ વિધિ અંતર્ગત શ્રી શતચંડી યજ્ઞનાં મુખ્ય યજમાનપદે શ્રી મગનલાલ વેલજી ચનાણી પરિવાર - ભુજનાં શ્રી વિનોદભાઈ મગનલાલ ચનાણી, સહયજમાનપદે શ્રી મદનકુમાર લખમશી બુધ્ધભટ્ટી - ભુજ, શ્રી જટુભાઈ વેલજી ચનાણી પરિવાર - ભુજના શ્રી કેતનભાઈ કિશોરભાઈ ચનાણી, શ્રી પ્રભુદાસભાઈ ખેતશી પરિવાર - ભુજનાં શ્રી હિતેશભાઈ પ્રભુદાસ ગુજરાતી, શ્રી ઝવેરીલાલ શીવજી બુધ્ધભટ્ટી પરિવાર ભુજના શ્રી હર્ષદભાઈ ઝવેરીલાલ બુધ્ધભટ્ટી, શ્રી અમૃતલાલભાઈ જેઠાલાલ સોલંકી - ભુજ, શ્રી ઈંદુલાલ હરીરામ સોલંકી - ભુજ, શ્રી ધીરજલાલ મનજી બુધ્ધભટ્ટી પરિવાર - ભુજનાં શ્રી શૈલેષભાઈ ધીરજલાલ બુધ્ધભટ્ટી અને શ્રી ભાઈલાલ દેવજી પોમલ પરિવાર - ભુજના શ્રી જગદીશભાઈ ભાઈલાલ પોમલ બિરાજ્યા હતા.

શ્રી મહાકાલીકા મૂર્તિની પુનઃ પ્રતિષ્ઠાની પૂજન વિધિનાં યજમાનપદે સ્વ. હરિલાલ હંસરાજ સાકરીયા પરિવાર - બળદીયાનાં શ્રી મહેશભાઈ હરીલાલભાઈ સાકરીયા, શ્રી ગણેશજીની મૂર્તિ પુનઃ પ્રતિષ્ઠાની પૂજનવિધિનાં યજમાન પદે શ્રી નવીનચંદ્ર જાદવજી - ભુજ, શ્રી ઠાકોરજીની મૂર્તિ પુનઃ પ્રતિષ્ઠાની પૂજન વિધિનાં યજમાનપદે શ્રી દયારામ મુળજી ચૌહાણ પરિવાર - ભુજનાં શ્રી કિશોરભાઈ દયારામ ચૌહાણ, શ્રી ગાયત્રી માતાજીની મૂર્તિ પુનઃ પ્રતિષ્ઠાની પૂજન વિધિનાં યજમાનપદે શ્રી ઝવેરીલાલ શીવજી બુધ્ધભટ્ટી પરિવાર, ભુજનાં શ્રી હર્ષદભાઈ ઝવેરીલાલ

બુધ્ધભટ્ટી અને શ્રી વિનય રસીકલાલ બુધ્ધભટ્ટી અને શ્રી વાઘેશ્વરી માતાજીની મૂર્તિ પુનઃ પ્રતિષ્ઠાની પૂજન વિધિનાં યજમાનપદે ગં.સ્વ. નર્મદાબેન મણિલાલ છત્રાળા પરિવાર - ભુજના શ્રી રાજેશભાઈ મણિલાલ છત્રાળા બિરાજ્યા હતા.

નૂતન મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠાની પૂજન વિધિ અંતર્ગત શ્રી સત્યનારાયણ દેવની પૂજન વિધિનાં યજમાનપદે શ્રી વિઠ્ઠલદાસ પ્રાગજી બારમેડા પરિવાર, ભુજનાં શ્રી ગીરીશભાઈ વિઠ્ઠલદાસ બારમેડા, શ્રી સૂર્યનારાયણ દેવની પૂજનવિધિનાં યજમાનપદે સ્વ. શ્રી મણિલાલ જેરામ છત્રાળા પરિવાર - ભુજનાં શ્રી યોગેશભાઈ મણિલાલ છત્રાળા, શ્રી જાગનાથ મહાદેવની પૂજન વિધિનાં યજમાનપદે સ્વ. શ્રી શીવજી દેવકરણ બુધ્ધભટ્ટી પરિવાર - ભુજનાં શ્રી મગનલાલ શીવજી અને શ્રી બિપીનભાઈ શીવજી તથા શ્રી માં સરસ્વતી દેવીની પૂજન વિધિના યજમાનપદે ગં.સ્વ. શારદાબેન જશવંતભાઈ પોમલ - ભુજ, બિરાજ્યા હતા.

શ્રી મહાકાલીકા માતાજી મંદિરનાં મુખ્ય પ્રવેશદ્વારની પૂજન વિધિનાં યજમાનપદે વેલુબેન ગોવિંદજી બુધ્ધભટ્ટી - ભુજ, શ્રી મહાકાલીકા માતાજીનાં શિખરની પૂજનવિધિનાં યજમાનપદે સ્વ. શ્રી મૂળશંકર શીવજી પરિવાર - ભુજના શ્રી રામભાઈ મૂળશંકર બારમેડા, શ્રી મહાકાલીકા માતાજીનાં કળશની પૂજન વિધિનાં યજમાનપદે સ્વ. શ્રી કાનજીભાઈ મીઠુંભાઈ બગ્ગા પરિવાર - ભુજના શ્રી દિલીપભાઈ કાનજીભાઈ બગ્ગા, શ્રી મહાકાલીકા માતાજીનાં ધ્વજની પૂજનવિધિનાં યજમાનપદે શ્રી પ્રવીણભાઈ મૂળશંકર બારમેડા - ભુજ બિરાજ્યા હતા.

- **ભવ્ય જલયાત્રા - નગરયાત્રા :**

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ આયોજીત શ્રી મહાકાલીકા માતાજી તથા અન્ય દેવ-દેવીઓના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત જલયાત્રા - નગરયાત્રા ભુજ શહેર માટે આકર્ષણ, ઉત્સાહ અને સંગઠનનું પ્રતીક બની હતી.

તા. ૧૩-૨-૦૬ સોમવારે સવારે ૯.૦૦ કલાકે આ ભવ્ય જલયાત્રા - નગરયાત્રા શ્રી મહાકાલીકા માતાજી મંદિર, પીપળા ફળીયાથી શરૂ થઈ, જે આશાપુરા રીંગરોડથી જૂના સ્વામિનારાયણ મંદિર, પારેશ્વર ચોક, હાટકેશ્વર મંદિર, મહાદેવ ગેટ, જિલ્લા પંચાયત પાસેથી સૂર મંદિર સિનેમા રોડ, છઠ્ઠીબારી રીંગ રોડ, વ્હાઈટ બિલ્ડીંગ, શરાફ બજાર, જૂની શાક માર્કેટ, ડાંડા બજારથી આશાપુરા રીંગ રોડ થઈ બપોરે ૧.૩૦ કલાકે પરત શ્રી મહાકાલીકા માતાજી મંદિર આવી. અંદાજે દોઢ કિલોમીટર લાંબી જલયાત્રા - નગરયાત્રાના પ્રારંભમાં સફેદ કુર્તા પાયજામા અને સાફામાં સજ્જ જ્ઞાતિનાં ૭૦ જેટલા યુવકો ૩૫ બાઈકો પર સવાર થઈ ઢોલ અને શરણાઈના સૂરીલા નાદ સાથે અગ્રસ્થાને હતા.

ચાર છડીદાર અશ્વ સવારો માતાજીનાં ત્રિશુળ - ધ્વજ લહેરાવતા શ્રી મહાકાલીકા માતાજીની દૈવી સવારીના આગમનનું એલાન કરતા હતા. શ્રી ગાયત્રી પરિવારનાં પીળા પોષાકમાં સજ્જ બાળકોની બેન્ડ પાર્ટી શિસ્તબધ્ધ સંગીતમય તાલ દ્વારા પાછળ આવનાર કળશ ધારણ કરેલી જ્ઞાતિની ૧૨૦ જેટલી કુમારીકાઓ સાથે નાના ભૂલકાંઓ પણ આ જલયાત્રા - નગરયાત્રાના એક મહત્ત્વપૂર્ણ અંગ છે તેની પ્રતીતિ થતી હતી. લાલ-પીળા રંગોનાં ચણિયા ચોળીમાં કળશ ધારણ કરેલી કુમારીકાઓ જાણે ચોંસઠ જોગણીઓનું પ્રતિક બની, આજે પણ 'રવાડી'ની પ્રાચીન સંસ્કૃતિ પ્રત્યે આપણી આસ્થાને ઉજાગર કરતી હતી.

ઢોલ, મંજીરા અને કરતાલ સાથે માતાજીની સ્તુતિ, ગરબાનાં સ્વરોથી ગુંજાયમાન થતી ઊંટગાડી ઉપર સવાર ભજન મંડળી અને દાંડિયા રાસ જલયાત્રા - નગરયાત્રાને એક ભક્તિમય વાતાવરણ પ્રદાન કરતા હતા. શ્રી મહાકાલીકા અને અન્ય દેવદેવીઓની મૂર્તિઓના રથ (બગ્ગી) આ યાત્રાનું અનેરૂં આકર્ષણ હતા.

આ જલયાત્રા - નગરયાત્રાએ હાટકેશ્વર મંદિર, ઉપલીપાળ રોડ પર પહોંચતા અડધો કલાકનો વિશ્રામ લીધો હતો. જ્ઞાતિ શ્રેષ્ઠી શ્રી જટુભાઈ વેલજીભાઈ આણંદજીભાઈ ચનાણી પરિવાર - ભુજનાં હાર્દિક સૌજન્યથી સમસ્ત જ્ઞાતિજનોએ ઠંડા પીણા દ્વારા શેષ માર્ગ માટે તાજગી મેળવી હતી.

જલયાત્રા - નગરયાત્રાની પૂર્ણાહૂતિ શતચંડી યજ્ઞનાં મુખ્ય યજમાનનાં હસ્તે શ્રી મહાકાલીકા માતાજી તથા અન્ય દેવ-દેવીઓની પૂજન વિધિ બાદ કરવામાં આવી. પૂર્ણાહુતિ સમયે એક તરફ શ્રી મહાકાલીકા માતાજી સહિત અન્ય દેવ-દેવીઓની પૂજનવિધિ સંપન્ન થતી હતી અને બીજી તરફ કળશ ઉપાડેલ કુમારીકાઓને શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજની મંદિર પુનઃનિર્માણ સમિતિ અને અન્ય આઠ જ્ઞાતિજનો દ્વારા પ્રસાદ તથા શૃંગાર સામગ્રી ભેટ આપવામાં આવી હતી.

તા. ૧૩-૨-૨૦૦૬ સોમવારે બપોરે અને તા.

ભુજ જ્ઞાતિને મંદિર નવનિર્માણ બદલ અભિનંદન ★ શુભેચ્છક : શ્રીમતી નર્મદાબેન મોહનલાલ સોની - અમદાવાદ

૧૬-૨-૨૦૦૬ ગુરૂવારે સાંજે આયોજીત સમૂહ પ્રસાદનું અંદાજે ૪૫૦૦થી ૫૦૦૦ અને ૬૫૦૦થી ૭૦૦૦ જેટલા જ્ઞાતિજનોએ લાભ લીધો હતો. આ બંને આયોજનોમાં સમયશિસ્તતા અને સુવ્યવસ્થા મહોત્સવ માણનારાઓનાં આનંદમાં ઉમેરો કરતા હતા. સમૂહ પ્રસાદનાં આયોજન અંતર્ગત મહિલા અને પુરૂષો માટે જુદા જુદા વિભાગો હતા. જ્ઞાતિજનોની સંખ્યાની અપેક્ષાએ સ્થળ નાનું હોવા છતાં પણ વ્યવસ્થિત સંપન્ન થયું હતું. મહોત્સવ પ્રત્યેની ઉમંગે નાના સ્થળની અગવડતાને મહોત્સવ અંતર્ગત આવતા બધા જ પ્રસંગોને મહોત્સવનાં કેન્દ્ર એવા મંદિર પરીસર પાસે જ ઉજવવાની સગવડતામાં ફેરવી દીધું હતું.

- **આતિથ્યભર્યો આવકાર :**

આ મહોત્સવ એવો હતો જે દાયકાઓ કે સદીઓમાં એકાદવાર આવતો હોય છે. તેથી તેની મહત્તા સ્હેજે અન્ય ઉત્સવો, પ્રસંગોથી અદકેરી છે. અને તેથી જ આ મહોત્સવને માણવા, તેનો લ્હાવો લેવા ભુજની આસપાસના શહેરો તથા ગામોના જ્ઞાતિજનો પણ અતિથિ બન્યા હતા. વિવિધ શહેરો તથા ગામોના જ્ઞાતિજનો ઉપરાંત મુંબઈ, અમદાવાદ, સૌરાષ્ટ્ર, સાબરકાંઠા, નલીયા, માંડવી, મુંદ્રા, નખત્રાણા અને અંજારની જ્ઞાતિનું નેતૃત્વ કરતાં પ્રમુખ તથા કારોબારી સભ્યો, યુવક મંડળના હોદ્દેદારો, અગ્રણીઓએ આતિત્ય માણ્યું હતું.

આ મહોત્સવ નિમિત્તે અન્ય જ્ઞાતિ વડીલોએ પણ હાજરી આપી હતી. જેમાં નાગર, લોહાર, મોચી, ગોસ્વામિ, અને શ્રી લોહાણા જ્ઞાતિ - ભુજના પ્રમુખ અને કારોબારી સભ્યોએ પણ આ મંદિર પુનઃનિર્માણ પ્રસંગને બિરદાવ્યો હતો. આ ઉપરાંત શ્રી બિહારીલાલ મહાદેવ મંદિર - ભુજના મહંત શ્રી રામદાસજી મહારાજ મૌનીબાબા અને શ્રી કબીર મંદિર - ભુજના મહંત શ્રી કિશોરદાસજી મહારાજે આ મહોત્સવનું આતિથ્ય માણતાં મંદિરના નિર્માણકાર્યની પ્રશંસા કરી હતી. ભુજ શહેરના અભિન્ન અંગ સમી શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિનાં ઈષ્ટદેવીના આશાપુરા રીંગ રોડ જેવા મહત્ત્વપૂર્ણ માર્ગ ઉપર પુનઃનિર્મિત મંદિરનું મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનું કચ્છ સંસદસભ્ય શ્રી પુષ્પદાન ગઢવી, કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષ શ્રી તારાચંદભાઈ છેડા, કચ્છ જિલ્લા ભાજપ ખજાનચી શ્રી ઉપેન્દ્રભાઈ ઉપાધ્યાય, ભુજના મેયર શ્રી બાપાલાલભાઈ જાડેજા, ધારાશાસ્ત્રી શ્રી શંકરભાઈ સચદે, કચ્છ જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન શ્રી પ્રવિણસિંહ વાઢેર અને નગરપાલીકા સ્ટેન્ડિંગ મેમ્બર શ્રી રસીકભાઈ મહેતાએ આતિથ્ય માણ્યું હતું અને મંદિર નિર્માણ કાર્યને બિરદાવ્યું હતું. શ્રી પુષ્પદાન ગઢવી અને શ્રી તારાચંદભાઈ છેડાએ નિર્માણકાર્યને બિરદાવતાં કહ્યું હતું કે "આ મંદિર ભુજના નાક સમું છે." શ્રી શંકરભાઈ સચદેએ મંદિરને ભુજનું જોવાલાયક નમૂનેદાર સ્થળ ગણાવ્યું હતું.

આમંત્રિત તમામ અતિથિઓને આ મહોત્સવના સંભારણા રૂપે માતાજીના પ્રસાદ તરીકે પ્રતીક ચિન્હથી સન્માન કરવામાં આવ્યું હતું.

આ મહોત્સવના આયોજનના કેન્દ્ર એવા "મંદિર"ના નિર્માણ સહયોગીઓ કે જેઓએ પોતાની કુશળતાનું પ્રદાન આપી આપણી શ્રધ્ધા - આસ્થાને આકાર આપવાનું ભગીરથ કાર્ય કર્યું છે તેવા કસબીઓ અને આ "મંદિર" નિર્માણ કાર્યમાં પોતાની 'શ્રી' અર્પણ કરનારા જ્ઞાતિજનો તથા મંદિર પુનઃ નિર્માણ સમિતિ દ્વારા પોતાનું આગવું કાર્યકૌશલ્ય અને દક્ષતા અર્પણ કરનારા જ્ઞાતિજનોને તા. ૧૫-૨-૨૦૦૬, બુધવારે, મંચસ્થ કાર્યક્રમનું આયોજન કરી આ મહોત્સવના સંભારણારૂપે માતાજીના પ્રતીક ચિન્હો અર્પિત કરી બિરદાવવામાં આવ્યા હતા.

- **કળશ સમિતિનું આગવું પ્રદાન :**

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ભુજનું પુનઃસર્જીત શ્રી મહાકાલીકા માતાજી તથા અન્ય દેવ-દેવીઓનાં મંદિરનું નિર્માણકાર્ય આયોજનકર્તાઓ, કાર્યકર્તાઓના કૌશલ્ય અને દક્ષતાનો સદીઓ સુધી પરિચાયક રહેશે. આ મંદિર પરિસરની સાજ-સજ્જામાં સમયાનુસાર પરિવર્તનો કદાચ આવતા રહેશે, પરંતુ માળખાકીય કાર્ય તો સદીઓ સુધી અકબંધ રહેવાનું છે. આ નિર્માણકાર્ય પ્રત્યે જ્ઞાતિના તમામ વર્ગોએ પોતાના વિચારો રજૂ કર્યા હતા અને તે આધારે આવશ્યક્તાનુસાર આ મંદિરનું નિર્માણકાર્ય સંપન્ન થયું છે ત્યારે યુવા જ્ઞાતિજનોએ પણ એક અવિસ્મરણીય આયોજન રજૂ કર્યું, જેને સમગ્ર જ્ઞાતિએ સહર્ષ સ્વીકાર્યું. જ્ઞાતિના પુનઃ નિર્મિત મંદિરનું કળસ સુવર્ણ મઢ્યું હોય તેવી આ યુવાનોની ઈચ્છા હતી અને તે ઈચ્છાપૂર્તિ માટે 'કળશ સમિતિ'નું ગઠન થયું. આ સમિતિએ સમગ્ર જ્ઞાતિજનો પાસેથી યથાશક્તિ સુવર્ણ અર્પણ કરવાનો સહયોગ માંગ્યો અને જ્ઞાતિજનોએ સ્વેચ્છાએ આ આયોજનની જાણ થતાં જ યથાશક્તિ સુવર્ણ અર્પણ કર્યું. આ એકત્રિત થયેલ સ્વર્ણ મઢ્યું 'કળશ' આ મંદિર માટે યુવા શક્તિની ઈચ્છાશક્તિ અને તે માટે આયોજન

ભુજ જ્ઞાતિને મંદિર નવનિર્માણ બદલ અભિનંદન ★ શુભેચ્છક : કનુભાઈ એન. ભીંડાતાણી, અંબિકા ઓટો સેન્ટર - અમદાવાદ

શક્તિ સાથે જ્ઞાતિનાં કસબને જાળવવાનું પ્રતીક બન્યું છે. આ ઉપરાંત શેષ સુવર્ણ દ્વારા શ્રી મહાકાલીકા માતાજી સહિત અન્ય દેવ-દેવીઓનાં આભૂષણ પણ આ સમિતિ દ્વારા પુનઃનિર્મિત મંદિરને આગવું પ્રદાન છે, જે અવિસ્મરણીય રહેશે.

- **સૌહાર્દપૂર્ણ વ્યવસ્થિત આયોજન :**

પ્રારંભમાં ઉલ્લેખ કર્યો તેમ આ મહોત્સવની અવિસ્મરણીય સફળતામાં મહોત્સવ માણનારાઓ જ સ્વયં કાર્યકર્તા બન્યા તે આ મહોત્સવના આયોજનકર્તાઓની સરળ વ્યવસ્થાપન રીતિ અને સમગ્ર જ્ઞાતિજનોનું તે માટે સૌહાર્દપૂર્ણ સહયોગની અભિવ્યક્તિ છે. મહોત્સવના આયોજનની નાની - નાની બાબતોની છણાવટ બાદ તેને લગતી તમામ જવાબદારીઓ સુયોગ્ય કાર્યકર્તાઓને સોંપવી અને તેનું સુયોગ્ય વ્યક્તિ દ્વારા સંચાલન આ આયોજનની સફળતાનાં સ્ત્રોત હતા.

ધાર્મિક વિધિની સામગ્રીઓનો પ્રબંધ અને તેનું સુવ્યવસ્થાપન, પ.પૂ.ગોરબાપા શ્રી સુમનલાલ ત્ર્યંબકલાલ વ્યાસનાં માર્ગદર્શન હેઠળ કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવ્યું.

સાંસ્કૃતિક કાર્યક્રમોનું વ્યવસ્થાપન શ્રી સુનીલભાઈ માધવજીભાઈ પોમલ, શ્રી વસંતભાઈ પોમલ અને યુવક મંડળના મહિલા વિભાગના સુશ્રી સુધાબેન બુધ્ધભટ્ટી, શ્રીમતી લતાબેન ઈંદુલાલ સોલંકી તથા તેમના સહયોગી કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવ્યું.

જલયાત્રા - નગરયાત્રાનું વ્યવસ્થાપન શ્રી નીતિનભાઈ અમૃતલાલ હેડાઉનાં માર્ગદર્શન અને ભુજ યુવક મંડળ અને માધાપુર યુવક મંડળનાં સંયુક્ત સહયોગથી સંપન્ન થયું.

સમૂહ પ્રસાદના કાર્યક્રમનું વ્યવસ્થાપન શ્રી કિશોરભાઈ જટુભાઈ ચનાણી, શ્રી હસમુખભાઈ મહીચા, શ્રી સુનીલભાઈ માધવજીભાઈ પોમલ, શ્રી નીતિનભાઈ અમૃતલાલભાઈ હેડાઉના માર્ગદર્શન હેઠળ સહયોગી કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવ્યું. જેમાં ભુજ યુવક મંડળના મહિલા વિભાગના કાર્યકર્તાઓએ પણ સહયોગ આપ્યો હતો.

અતિથિ સત્કાર અને સન્માન કાર્યક્રમનું વ્યવસ્થાપન શ્રી ચંદ્રકાંતભાઈ જટુભાઈ ચનાણી, શ્રી અમૃતલાલભાઈ જેઠાલાલભાઈ સોલંકી, શ્રી સુનીલભાઈ માધવજીભાઈ પોમલનાં માર્ગદર્શન અને શ્રી પ્રદીપભાઈ જીવરામભાઈ બીજલાણી તથા મુળજીભાઈ નાનાલાલ કટ્ટા તથા સહયોગી કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

કળશ સમિતિ અંતર્ગત શ્રી સુરેશભાઈ પ્રેમજી સોલંકી, શ્રી શાંતિલાલ ધનજી સોલંકી અને શ્રી પ્રફુલભાઈ મેઘજી બુધ્ધભટ્ટી તથા સહયોગી કાર્યકર્તાઓ દ્વારા 'સુવર્ણ મઢ્યા કળશ'નું આયોજન સંપન્ન કરવામાં આવ્યું હતું.

જ્ઞાતિ ઈતિહાસના શ્રધ્ધાના સ્થાપત્યના નિર્માતાઓ, આયોજનકર્તાઓ અને બધાજ કાર્યકર્તાઓ ઉપર શ્રી મહાકાલીકા માતાજી સહ અન્ય દેવ-દેવીઓની કૃપા દૃષ્ટિ કાયમ રહે તેવી શુભેચ્છા સહ અભિનંદન.

***આલેખ સંકલન : કુ. એકતા કટ્ટા, અંજાર***

## પ્રતિભાવ

તંત્રીશ્રી,

જ્ઞાતિ-સેતુનો જાન્યુઆરી-૨૦૦૬નો વિવિધતાસભર અંક વાંચી આનંદ થયો. જ્ઞાતિ પરિવારો વચ્ચે જ્ઞાતિસેતુ ખરેખર સેતુ રૂપ કાર્ય કરી રહેલ છે. અમદાવાદથી પ્રસિધ્ધ થતાં અંકમાં કચ્છ અને કચ્છ બહારથી જ્ઞાતિના લોકો ઉત્સાહભેર માહિતી / લેખો મોકલાવે છે તે જાણી આનંદ થાય છે. નખત્રાણાના શ્રી પ્રવીણભાઈ બગ્ગાનો આપણા પૂર્વજોના ઈતિહાસ પરનો અભ્યાસપૂર્ણ લેખ ખૂબ જહેમતથી તૈયાર કરેલ જણાય છે. આવી માહિતી આપણી વર્તમાન અને ભાવિ પેઢી માટે ખૂબ ઉપયોગી થશે. લેખકને મારા હાર્દિક અભિનંદન.

વિશેષમાં અમદાવાદ ખાતે સારવાર લેવા આવતાં દર્દીઓ માટે કંઈક મદદરૂપ થવાના મારા એક નાનકડા વિચારબીજને અમદાવાદ જ્ઞાતિ કારોબારીએ જે રીતે ત્વરીત પ્રતિભાવ આપી મેડિકલ ફંડ અને મેડિકલ હેલ્પ લાઈનની રચના કરી તે બદલ જ્ઞાતિપ્રમુખ શ્રી મનુભાઈ, માનદ્ મંત્રીઓ શ્રી અતુલભાઈ અને શ્રી શૈલેષભાઈ તેમજ કારોબારીના અન્ય સભ્યોને અભિનંદન. મેડિકલ ફંડ માટેની વ્યવસ્થા સમિતિમાં અમદાવાદ જ્ઞાતિએ મારી નિમણુંક કરી બહુમાન કરેલ છે તે માટે ખાસ આભાર.

આપણી જ્ઞાતિના આર્થીક રીતે જરૂરિયાતમંદ પરિવારો માટે આરોગ્ય ક્ષેત્રે આપણે હજુ ઘણું કરવાનું બાકી છે. આશા છે સમસ્ત જ્ઞાતિના આગેવાનો અને દાતાઓ આ પ્રવૃત્તિના વિકાસ હેતુ જરૂર આગળ આવશે.

***હરિલાલ લખમશી સોની - અંજાર***

ભુજ જ્ઞાતિને મંદિર નવનિર્માણ બદલ અભિનંદન ★ શુભેચ્છક : ધવલ જ્વેલર્સ - અમદાવાદ

4 COLOUR
PAGES
21-24

4 COLOUR
PAGES
21-24

4 COLOUR
PAGES
21-24

4 COLOUR
PAGES
21-24

# કચ્છમાં શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિનો સામાજીક - આર્થિક વિકાસ

**કાંતિલાલ એન. સોની - ગાંધીધામ**

આશરે સાડા ત્રણસો વર્ષ પૂર્વેની જ્ઞાતિનાં પૂર્વજો રાજસ્થાનનાં વિવિધ વિસ્તારમાંથી કચ્છ અને ગુજરાત સૌરાષ્ટ્રના જુદા જુદા વિસ્તારમાં આવ્યા. આપણે આજે કચ્છની જ વાત કરીએ તો મુખ્યત્વે આપણા સમાજનાં લોકો રાજસ્થાનથી કચ્છમાં વાગડ વિસ્તાર અને ખાસ કરીને દુધઇ અને અંજાર આવ્યા હોય તેવું જણાય છે.

શરૂઆતમાં કદાચ નવા આવી વસેલ હોવાને કારણે સોના-ચાંદીનું કામ પૂરતા પ્રમાણમાં ન મળવાને કારણે કંસારા કામથી શરૂઆત કરી હોય તેવું અનુમાન બાંધી શકાય.

કચ્છમાં આવવાનું મુખ્ય કારણ - એજ સમયમાં કે તેનાથી પચ્ચાસેક વર્ષ પહેલાં કચ્છમાં જાડેજા વંશનાં ખેંગારજી પહેલાએ અંજાર ભુજ વિગેરેને વિકસાવવા પ્રયત્નો કરેલ અને તેને કારણે સોરઠ, પ્રાંથળ, મચ્છુકાંઠા વિસ્તારમાંથી આહીર ખેડૂતો આવ્યા તેમજ શ્રીમાળ, ભીલમાળ માંડલ વિગેરે વિસ્તારમાંથી શ્રીમાળીઓ, માંડલિયા અને જેઠી બ્રાહ્મણો, વિગેરે જ્ઞાતિઓ આવી વસ્યા અને કચ્છમાં ધંધા રોજગાર, ખેતી વિગેરેનો વિકાસકાળ શરૂ થયો તેને કારણે આપણી જ્ઞાતિ એટલે કે રાજસ્થાનનાં બ્રાહ્મણીયા સોની કચ્છમાં મારૂ કંસારા સોની તરીકે સ્થાયી થયા તેવો આપણાં 'ઇતિહાસ ઝાંખુ દર્શન' કહી શકાય તેટલું આપણે અત્યારે ગ્રાહ્ય રાખી છેલ્લા પચાસ વર્ષમાં આપણી જ્ઞાતિની કચ્છ જીલ્લાની પ્રગતિ, પ્રયાસનો પરિચય મેળવીએ.

કચ્છમાં રાજાશાહી યુગમાં આપણી જ્ઞાતિમાં થોડાંક ચમકતા તારલાઓનું અસ્તિત્વ હતું અને રસ ધરાવનાર અને ઉંડી સૂઝ ધરાવતી વ્યક્તિઓ હતી તો તેની સાથે એન્જીનિયરિંગ અને કાયદા ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ અને પ્રેક્ટીકલ જ્ઞાન ધરાવનાર પણ હતાં. પરંતુ એવાં અપવાદો બાદ કરતાં સામાન્ય સોની કુટુંબો કંસારા કામ તથા સોના ચાંદીની કારીગીરી દ્વારા ગુજરાન ચલાવતા હતા.

આઝાદી પછીનાં વર્ષોમાં ભારત પાકિસ્તાન અલગ થતાં કારીગરોને મુશ્કેલી પડેલ. આપણી જ્ઞાતિનું આર્થિક ચિત્ર ૧૯૬૨નાં સુવર્ણધારા પછી બદલાયું. શરૂઆતમાં આ ધારાથી ભયભીત થયેલ જ્ઞાતિજનોની ખરી આર્થિક ઉન્નતિ, સુવર્ણ અંકુશ ધારા પછી જ થયેલી જોવા મળે છે.

સામાજીક ક્ષેત્રે સામાન્ય પરિસ્થિતિમાં પરિવર્તન આવવાની શરૂઆત ૧૯૫૫-૫૬થી થઇ. આપણી જ્ઞાતિનાં શહેરી અને ગ્રામ્ય જીવનનાં ક્ષેત્રે શૈક્ષણિક કારકિર્દી તરફ આ સમયમાં શરૂઆત થઇ અને સાથે સાથે ભુજ-અંજાર અને માંડવી જેવા શહેરોમાં યુવાધને મંડળો રચીને નવયુગમાં પ્રવેશનાં પ્રયત્નો કર્યા. તે સાથે એવા યુવાનોને આર્થિક અને માનસિક પ્રોત્સાહન અમૂક દૂરંદેશી જ્ઞાતિજનો તરફથી મળવાનું શરૂ થયું. તે સાથે મહિલાઓમાં ખાસ કરીને યુવતીઓમાં પણ જાગૃતિનાં પગરણ મંડાયા.

આપણી જ્ઞાતિના પોમલ કુટુંબોએ ફોટોગ્રાફી ક્ષેત્રે નામના મેળવી એ વ્યવસાયોમાં અન્યોને પણ ઝંપલાવવાની પ્રેરણા આપી. આજે આપણી જ્ઞાતિનાં ઘણાં યુવાનો આ કલા ક્ષેત્રમાં આવ્યા છે અને આર્થિક સદ્ધરતા મેળવી છે.

તેજ રીતે બુદ્ધભટ્ટી કુટુંબો દ્વારા મીકેનીકલ ક્ષેત્રે પ્રગતિ કરી અન્ય કુટુંબોને આજીવિકાનો નવો રાહ ચિંધી આર્થિક સધ્ધરતા મેળવતા કર્યા છે.

જેમ સુવર્ણધારાએ ઘણાં કુટુંબોને અન્ય ધંધા ઉદ્યોગ તરફ વાળ્યા તેમ 'સ્ટીલ'ના આગમનને કારણે આપણી જ્ઞાતિના પરંપરાગત તાંબા-પિત્તળ અને કાંસાના કારીગરો, ઘટતી માંગને કારણે બેકાર બનાવ્યા અને હાલ તો ગણ્યા ગાઠ્યા કુટુંબો આ કામમાંથી રોજી કમાય છે.

આ સમય દરમ્યાન પણ શિક્ષિતોનું પ્રમાણ વધતું રહ્યું. સાથે સ્થાઇ ધંધાવાળા સેવાભાવી જ્ઞાતિજનો દ્વારા સામાજીક ઉત્કર્ષનાં પ્રયત્નો ચાલુ રહ્યા અને તેને પરિણામે ધીમે ધીમે સોની જ્ઞાતિમાં જાગૃતિ વધતી ગઇ. શિક્ષણને કારણે સરકારી નોકરીમાં યુવકો અને યુવતિઓ આવતા થયા અને આજે કેટલાક જ્ઞાતિજનો ક્લાસ વન કક્ષાએ નિવૃત્ત થયા છે તો કેટલાંક એ અને બી વર્ગના અધિકારીઓ તરીકે સેવા આપી રહ્યા છે. એ કચ્છનાં કંસારા સોની જ્ઞાતિનું ઉજળું ચિત્ર છે.

આટલેથી નહીં અટકતાં આજે તો કચ્છનાં કોઠારા જેવા ગ્રામ્ય વિસ્તાર અને ભુજ અંજાર જેવા શહેરોનાં યુવાનો વિદેશોમાં પોતાનાં શિક્ષણ અને જ્ઞાનનાં બળે અમેરિકા અને યુરોપ જેવા દેશોમાં કમાતા થયા છે.

કચ્છમાં આપણી જ્ઞાતિમાં સામાજીક ઉત્થાન રૂપે શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો ગણવેશ જેવી મફત સહાય, જરૂરતમંદને મેડીકલ સહાય અને 'દર વર્ષે સરસ્વતી સમારંભ' યોજી તેજસ્વી વિદ્યાર્થીઓને ઇનામો આપી પ્રોત્સાહિત કરવાની સુંદર કામગીરી થઇ રહી છે. જે અતિશય પ્રશંસા પાત્ર છે.

ઉપર જણાવ્યું તેમ જાગૃત સ્થાઇ ધંધાવાળા સેવાભાવી જ્ઞાતિજનો તરફથી સમયસર 'સમૂહ લગ્ન' યોજવાની શરૂઆત છેક ૧૯૮૭થી શરૂ કરવામાં આવી તે એક ક્રાન્તિરૂપ સેવા ખૂબજ નોંધપાત્ર છે. આ જ્ઞાતિજનો એટલેથી નહિ અટકતાં ગુજરાત-સૌરાષ્ટ્ર કક્ષાએ જ્ઞાતિના પ્રસંગોમાં હાજરી

# શ્રધ્ધાંજલિ



## સ્વ. દામજીભાઈ માધવજીભાઈ સોની

**સ્વર્ગવાસ : વિક્રમ સંવત ૨૦૬૧ ફાગણ સુદ-૧ • મંગળવાર, તા. ૨૮-૨-૨૦૦૬**

**મૂળ વતન : માંડવી (કચ્છ) • હાલે : ખેડબ્રહ્મા**

~

*જીવન વિતાવી તો સૌ કોઈ જાય છે,*
*જીવન જીવી જાણે છે કોઈ વીરલા જ.*
*કર્મના બંધનમાં બંધાઈ તો સૌ કોઈ જાય છે,*
*કર્મને દીપાવી જાણે છે કોઈ વીરલા જ.*

પરિવંરને પરસ્પર મંટે દત્ભંવનં, પ્રેમ, ત્યંગ અને ભેંગ અંપવં જેવં દમૃદ્ધ દાસ્કરેંથી દીંચવં સેમજ અંર્થિક, દંમંજીક, વ્યવહંરીક ક્ષેત્રે પરિવંરને દમૃધ્ધ કરવં જીવનભર હદસં મુખે પરીશ્રમ કરવં જેવં અંપનં પ્રેરણંતંયક જીવનની દુગાધ અમંરં હૃતયમાં દસસ પ્રદરસી રહે. હામેશં અંપે ચીંધેલ કેડીએ ચંલવં પ્રેરણં અંપસી રહે સેવી સેમજ અંપનં પવિત્ર અંત્મંને પરમ શંાસિ અર્પે સેવી પરમ કૃપંળુ પરમંત્મંને આસઃકરણપૂર્વક પ્રંર્થનં કરીએ છીએ.

---

**સોની દામજી માધવજી સોલંકી (માંડવીવાળા) - ખેડબ્રહ્મા પરિવાર**

પટેલ સોસાયટી, પેટ્રોલ પંપ પાછળ, ખેડબ્રહ્મા (સાબરકાંઠા)
ફોન : (ઓ) ૨૨૦૫૯૯ (રહે.) ૨૨૦૪૯૯ • મો. ૯૪૨૭૦ ૩૮૫૭૨

આપી આપણે હજુ શું શું કરી શકીએ તેની માહિતી મેળવવાની પ્રશંસનીય કામગીરી બજાવે છે. સાથે સાથે આપણાં શહેરોમાં પ્રસંગોપાત ગુજરાત-સૌરાષ્ટ્રના આગેવાન જ્ઞાતિજનોને આમંત્રિત કરી તેમના જ્ઞાનનો લાભ જ્ઞાતિજનોને અપાવે છે. 'સમૂહ લગ્ન'ની સેવાઓ ૧૯૮૭થી અવિરત ચાલુ છે. પરંતુ કટુ સત્ય એટલું જ કે આ મહાયજ્ઞમાં યુવા જ્ઞાતિજનો સ્વેચ્છાએ ઉમંગભેર જોડાતા નથી તેથી તેમને ભાગ લેવા નમ્ર અપીલ કરું છું

૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ની સાલ કચ્છની સોની જ્ઞાતિ માટે એક આસમાની આફત લઈને આવી. ભૂકંપે કચ્છના લોકોને તારાજ કરી દીધા. સોની જ્ઞાતિનાં દોઢસો લોકો મૃત્યુ પામ્યા અને તમામ જ્ઞાતિજનો વેર વિખેર થઇ ગયા.

એકાદ વર્ષ તો લોકો કામ ધંધા વગરનાં થઇ ગયા. પરંતુ થયેલ જાનહાનિ અને આર્થિક નુકશાની પર આંસુ સારવાને બદલે સ્વબળે ઉભા થવાનાં પ્રયત્નો કરી ફરી પાછી એજ રફતાર પર આવી ગયા. આ પાંચ વર્ષ દરમ્યાન આગેવાન જ્ઞાતિજનોનાં સતત સેવાનાં દશ્યો જોવા મળે છે.

અંતના આરંભમાં કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ પ્રમાણમાં સુખી, સંપન્ન અને સભાન છે. પરંતુ વિજ્ઞાન, રાજકારણ, અપંગોને સહાય, તબીબી ક્ષેત્રે સહકારી ક્ષેત્રે અન્ય જ્ઞાતિઓનાં પ્રમાણમાં ઘણી પછાત છે. તેનાં કારણોમાં શિક્ષણનું ઓછું પ્રમાણ, આવકની અસમાનતા, નિષ્ઠાનો અભાવ વિગેરે છે, જે દૂર કરવા રહ્યા.

અંતમાં આ નાનકડા લખાણમાં જ્ઞાતિ અંગે આછો ખ્યાલ આપી શક્યો છું અને સંભવિત કટુ સત્ય કહેવાઈ ગયું હોય તો તે બદલ ક્ષમા પ્રાર્થી છું.

## ॥ શ્રી અંબાજીની સ્તુતિ ॥

*સદા પૂર્ણ બ્રહ્માંડમાં અંબા બીરાજે,*
*કલા શોલષો ચંદ્રમાં શિશ છાજે,*
*મહા દુષ્ટને દૈત્યના ગાત્ર ભાજે,*
*ભજો શ્રીભવાની સદાજે બિરાજે....*

*સહુ દેવતા સ્વર્ગથી નિત્ય આવે,*
*નમે પાંચ અંબા તણા મન ભાવે,*
*ઘણા રત્નને પુષ્પ લાવી વધારે, ભજો....*

*વેણી નાગ જેવી સદા શિશ સોહે,*
*ભર્યો માંગ સિંદરનો મન મોહે,*
*ભવાની ભજે દુઃખ દારીદ્ર ખોએ, ભજો....*

*ધર્યા નાશીકાએ ઘણાં શુધ્ધ મોતી,*
*રવિ ભોમને ચંદ્રમાં એક જ્યોતિ,*
*સદા ભક્તના દુઃખ દારીદ્ર ખોતી, ભજો....*

*કડી આડ તે કેશરી મધ્ય ભાલે,*
*ઝબુકે સદા ઝાલને ગૌર ગાલે,*
*રવિ ચંદ્રની જ્યોતિ ભાલે પ્રસારે, ભજો....*

*ભ્રકુટી સદા વ્યંકુટી નેત્ર રાતાં,*
*કરે હાસ્ય આનંદ તાંબુલ ખાતાં,*
*ટળે પાપ અંબા તણાં છંદ ગાતાં, ભજો....*

*ભૂજા શોભિતી અષ્ટ આનંદકારી,*
*અકે કે કરે ઉગ્ર આ યુધ્ધ ધારી,*
*દલે દૈત્યને ભક્તને પ્રેમકારી, ભજો....*

*કેટી મેદલા ઘુઘરી પાય વાજે,*
*ઘણાં શોભતા તેહના શબ્દ ગાજે,*
*જોઈ અંબનું રૂપ કંદર્પ લાજે, ભજો....*

*ધરી ઘાટળી ચુંદડી રંગ રાતી,*
*ગળે દાહ મોતી શરીરે સોહાતિ,*
*રમે યોગિની અંબના છંત ગાતિ, ભજો....*

*વસે સર્વદા માત કૈલાશ સંગે,*
*રમે દેવ દેવી સહુ નિત્ય સંગે,*
*ધર્યા ભૂષણો સર્વદા અંગ અંગે, ભજો....*

*કરે વિનંતી ઈન્દ્ર તે અંબ કેરી,*
*ઘણું દુઃખ છે મને દૈત્ય ઘેરી,*
*એવા દુષ્ટને મારીને હાંક ફેરી, ભજો....*

*ભવાની કહે કોણ છે દૈત્ય એવો,*
*કહો નામને જાતિને રૂપ કેવો,*
*ઘણું સર્વથા તેહને દંડ દેવો, ભજો....*

*કહે ઈન્દ્ર અંબા સૂણો દુષ્ય મુંડા,*
*બલીયા મહિષાદિ તે સાધુ ખંડા,*
*મને દુઃખ દે છે સદા કાલ્ય દુષ્ટ, ભજો....*

*સુણી દેવીએ દેવના દુઃખ ભાંગ્યા,*
*દલે દૈત્યને જા સુખો મુખ્ય માંગ્યા,*
*હણ્યા ચંડને મુંડ આદિ અસુરા, ભજો....*

*મહાદેવ વિષ્ણુ મહિમા વખાણે,*
*ભવાની તણો પાર બ્રહ્મા ન જાણે,*
*સદા યોગ યોગેશ્વરો મન આણે, ભજો....*

*ધરી ભાવ માજી તણાં છંદ ગાશે,*
*રહે અંબિકા તેહની નિત્ય પાસે,*
*ભણે સાંભળે થાય પુંજો વિનાશે, ભજો....*

**પ્રેષક : કમલેશ પોમલ - ભુજ**

**ભુજ કાલીકા માતાજીના મંદિરમાં ઘણા વર્ષો સુધી આ સ્તુતિ સ્વ. ગીરધરલાલ ધારશી ગાતા હતા. હવે આ સ્તુતિ કાલીકા માતાજીના મંદિરમાં સાંજે આરતી થઈ ગયા પછી આજનાં નવયુવાનો ગાય છે.**

ભુજ જ્ઞાતિને મંદિર નવનિર્માણ બદલ અભિનંદન ★ શુભેચ્છક : જલારામ ક્રોકરીઝ પ્રા.લિ., મણિનગર, અમદાવાદ

# જય બાબા અમરનાથ

દિનેશ સી. પોમલ - અંજાર

## ભાગ-૧ : બાબતાલ રૂટ

અમરનાથ જવા માટે અમદાવાદથી જમ્મુ ટ્રેન છે અથવા ભુજથી દિલ્હી અને દિલ્હીથી જમ્મુ સુધી ટ્રેનમાં જવાય. જમ્મુમાં બાબા અમરનાથ જવા માટે રજીસ્ટ્રેશન કરાવવુ પડે છે. આમ તો ગુજરાતમાં J.K. Bankમાં રજીસ્ટ્રેશન થાય છે અને હવે તો ઇન્ટરનેટ ઉપર પણ રજીસ્ટ્રેશન થાય છે. જમ્મુમાં જે.કે. બેંકમાં ત્યાંથી સ્ટેડીયમ ગ્રાઉન્ડમાં રજીસ્ટ્રેશન થાય છે.

ટુરમાં બસ દ્વારા જઇએ તો જમ્મુમાં સ્ટેડિયમમાં રજીસ્ટ્રેશન પછી મિલીટ્રીની નિગરાનીમાં દશ બસ થતાં, બધી બસો સાથે ચલાવવામાં આવે છે - સેફ્ટી માટે. પણ નાના ગ્રુપમાં રજીસ્ટ્રેશન પુર્ણ થયા પછી પોતાની રીતે, નાનું વ્હીકલ/ બસ/સુમો વગેરે દ્વારા શ્રીનગર જઇ શકાય છે. જમ્મુથી શ્રીનગર જતાં રસ્તામાં 'જવાહર ટનલ' થઇને જવાય છે. રસ્તામાં પટની ટોપ એક હીલ સ્ટેશન આવે છે. જેમ રાજસ્થાનમાં માઉન્ટ આબુ, ગુજરાતમાં સાપુતારા તેમ જમ્મુ એન્ડ કશ્મીરમાં પટની ટોપ હીલ સ્ટેશન છે. જમ્મુથી શ્રીનગર જવા રસ્તામાં જંગલી અખરોટના પુષ્કળ પ્રમાણમાં ઝાડ આવે છે રસ્તામાં ઘણા બધા નાના-નાના ધોધ જોવા મળે છે અને કુદરતે મન ભરી સૌંદર્ય બક્ષ્યું છે. પટની ટોપ અને જવાહર ટનલ પસાર કરી (જમ્મુથી લગભગ ૩૦૦ કિ.મી.) શ્રીનગર પહોંચાય છે. નાના વ્હીકલને પહોંચતા લગભગ ૮ કલાક લાગે છે અને મિની તથા મોટી બસને ૧૦ થી ૧૨ કલાક લાગે છે. વચમાં આવતી જવાહર ટનલ રાત્રે ૧૨ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી બંધ રહે છે આ રૂટ પર રાત્રી મુસાફરી ન કરવી હિતાવહ છે.

શ્રીનગરમાં નાઇટ હોલ્ટ માટે બધી જાતની હોટલ તથા હાઉસ બોટ અને ડોરમેટરી હોટલ છે. શ્રીનગરથી સવારે બાબતાલ તરફ જવાય છે. બાબતાલ શ્રીનગર થી ૧૦૫ કિ.મી. થાય. ઉંચા નીચા રસ્તા તથા સીંગલ રોડને કારણે ૧૦૫ કિ.મી. કાપવામાં લગભગ પાંચ કલાક જેવો સમય લાગે છે.

બાબતાલ બાબા અમરનાથ દર્શન માટે તળેટીનું સ્થાન છે. અહીંથી રજીસ્ટ્રેશન નંબરનો 'આઇ કાર્ડ' બતાવી અને આર્મિએ બતાવેલ તથા બનાવેલ રૂટ ઉપર જવાનું હોય છે અગર પ્રવાસી 'હેલીકોપ્ટર'માં જવાની ઇચ્છા રાખતો હોય તો બાબતાલમાંજ 'હેલીકોપ્ટર' સ્ટેશન માંથી 'આઇ કાર્ડ' રજીસ્ટ્રેશન નંબર સાથેનો બતાવી અને રોકડ રકમ ભરી સ્પોટ બુકીંગ કરાવી હેલીકોપ્ટરમાં પ્રવાસ કરી શકાય છે.

હેલીકોપ્ટરમાં જવાનું અગાઉથી નક્કી જ હોય તો શ્રીનગરથી જ બુકીંગ કરાવી લેવું. જેથી હેલીકોપ્ટરમાં લાઇનમાં ઊભા ન રહેવું પડે. જો મોસમ બરાબર હોય તો હેલીકોપ્ટર સવારે ૭ થી બપોરના ૧૨ વાગ્યા સુધી ચાલુ રહે છે. અને શ્રીનગરથી જવું હોય તો શ્રીનગરથી પણ ડાયરેક્ટ બાબા અમરનાથ માટેનું બુકીંગ થાય છે. શ્રીનગરથી બાબતાલ જવા માટે જે એન્ડ કે ગવર્નમેન્ટની બસ જાય છે જેમાં એડવાન્સ બુકીંગ કરાવવું જરૂરી છે. આ સાથે નાના વાહનોમાં સુમો પણ મળી રહે છે. અહીં ટેક્ષી ફેર, સુમો માટે સ્ટેન્ડ તથા ભાવ નક્કી કરેલા છે.

બાબતાલમાં ઘણી સંસ્થાઓ તરફથી ભંડારા-લંગર લગાડવામાં આવે છે જેમકે પંજાબ સરકાર/ હરીયાણા ગ્રુપ/ રાજસ્થાન ગ્રુપ આમ ઘણા સ્ટેટના ગ્રુપ મુજબ ભંડારા-લંગર લગાડવામાં આવે છે. આ ભંડારામાં જમવાની તથા રહેવાની સગવડ હોય છે. બાબતાલ-તળેટીમાં રાત્રી રોકાણમાં ઘણા બધા ટેન્ટ લગાડેલ હોય છે જે પ્રવાસીની સંખ્યા મુજબના ટેન્ટ ભાડે મળે છે ત્યાં લાઇટની કોઇ સ્થાયી વ્યવસ્થા નથી. પણ લંગર/ ભંડારાવાળા ડી.જી. સેટ લગાડીને લાઇટ લગાડે છે.

બાબતાલથી પગપાળા જવા માટે સવારે ૫ વાગ્યાથી સવારના ૧૦ વાગ્યા સુધી જ એકતરફી અંદર જવા મળે છે. રસ્તામાં ઘોડા ભાડે મળે છે જેનો ભાવ પણ જે. એન્ડ કે. ગવર્નમેન્ટે નક્કી કરેલ છે. ઉપર દર્શન માટે જવા તથા પરત આવવા માટે ઘોડાનો ભાવ રૂા. ૧૬૫૦/- રાખેલ છે પણ એક સાઇડ જવા માટે રૂા. ૫૦૦ થી ૮૦૦ છે. પગપાળા જવામાં ઘણી મજા પડે છે.

સવારે ૫.૦૦ વાગ્યે ચાલવાનું શરૂ થાય છે લગભગ ૪ ફુટની કેડી ઉપર ઘોડા તથા માણસો બન્ને માટે ચાલવાનો રસ્તો રહે છે ઉંચો નીચો તથા ગોળાકાર રીતે ઉપર ચડાય છે એકતરફ પર્વત અને બીજી તરફ ૧૦૦ થી ૨૦૦ મી. ઊંડી ખાઇ અને ખાઇમાં બરફ તથા ઠંડા પાણીના ઝરણા. ઉપરથી માણસ પડે તો બચી જાય તો પણ ઝરણાનું ઠંડુ પાણી તેને થીજીવી નાખે અને ત્યાં સુધી સહાય પહોંચતા પણ ઘણી જ વાર લાગી જાય છે. આ રસ્તામાં ચાલવા માટે અલગ જાતના બુટ જ પહેરવા યોગ્ય છે. જે બાબતાલ તળેટીમાં ભાડે અથવા વેચાતા મળે છે. સાથે કપુરની ગોટી જરૂરથી રાખવી. જેમ જેમ ઉપર જઇએ તેમ-તેમ હવા પાતળી થતાં ઓક્સીજનનું પ્રમાણ ઘટતાં શ્વાસ ચડવા જેવું થાય અને ખુબજ થાક લાગે. આ બધું પાતળી હવાને કારણે. લગભગ ૯ કીમી ઉપર ચડ્યા પછી સતત ૨ કીમી સુધી નીચે ઉતરવાનું આવે છે. અહીં બે નદીનું સંગમ થાય છે. અહી મીલ્ટ્રી કેમ્પ છે, મોટું મેદાન છે. અહીં ભંડારો છે અને રાત્રી રોકાણ માટે ટેન્ટ પણ છે. આ જગા પર મીલ્ટ્રી તરફથી ડોક્ટરની સેવા પણ મળે છે. સાથે-સાથે ચાલતા ગ્રુપમાં ઘણી બધી ઓળખાણ થાય છે અને તમે જો તમારા ગ્રુપથી છુટા પડી ગયા હો તો સંગમ સ્થાન પર માઇકની વ્યવસ્થા છે. જેમાં જાહેરાત કરી તમો તમારી જગા નક્કી કરી એનાઉન્સ કરી શકો છો. ઘણી વખત આ જગામાં ટ્રાફીક જામ થઇ જાય છે ક્યાંક શીલા પડી ગઇ હોય, ક્યાંક

બરફ સરકી આવ્યુ હોય! આવું ત્યાં અવાર નવાર બને છે પણ દર ૧૦૦ મીટરના અંતરે ઉભેલા જવાનો આના માટે તરત જ રસ્તો તૈયાર કરી, ફરી બધું યથાવત કરી દે છે. સાંજનાં પાંચ વાગ્યા પછી પગપાળા ચાલવા માટે મનાઇ છે. નજીકના ભંડારા/લંગર/ઉતારા હોય ત્યાં રોકાઇ જવું પડે છે. રાતે આ વિસ્તારનું તાપમાન ૦ થી -૬ ડિગ્રી સેલ્સિયસ સુધી નીચું જઇ શકે છે.

સંગમ સ્થાનથી ૩ કિ.મી. ઉપર ઉંચાઇએ ચડવાનુ હોય છે ત્યારબાદ લગભગ ૬ કિ.મી. સુધી બરફનું સપાટ મેદાન આવે છે. બરફમાં ચાલવા માટે અલગ પ્રકારનાં ખાંચાવાળા બુટ પહેરવા જોઇએ અને હાથમાં લાકડી રાખવી બહુ જ જરૂરી છે. હવે કપુરની બહુ જ જરૂર પડે છે. હવા એકદમ પાતળી અને સાથે ઠંડી. કપુરની ગોટીને રૂમાલમાં મુકી રૂમાલ નાક ઉપર રાખવો જરૂરી છે જેથી શ્વાસ ચડતો નથી. બરફમાં પાંચ કિ.મી. સળંગ ઉપર નીચે ચાલતાં એક કિ.મી. દૂરથી બાબા અમરનાથની લગભગ ૧૦૦ ફુટ ઉંચી, ડુંગરની વચોવચ મોટી ગુફા, દુરથી જ દેખાય છે જયાં તમારી નજર પડે ત્યાં બસ બરફ-બરફ અને બરફ. જેમને અસ્થમાની બીમારી હોય કે જેમને શ્વાસ ચડતો હોય તેઓએ આ યાત્રા કદી પણ કરવી નહીં.

આ યાત્રામાં ખભે લટકાવવાનો થેલો, કલરવાળી તાલપત્રી તથા બેટરી અને કપુર ગોટી જરૂરથી સાથે લેવી. તાલપત્રીનો કટકો આ યાત્રા દરમ્યાન ગમે તે વખતે વરસાદ અથવા બરફનું તોફાન થાય તો કામ લાગે. બાબા અમરનાથજીની ગુફા પાસે પહોંચતા થોડા પગથીયા ચડી અને છેક અંદર ખુણામાં બરફથી છવાયેલ શિવલીંગ નજર આવે છે. બરફવાળી આ જમીનમાં ચાલવાથી પગ એકદમ દુઃખવા લાગે છે. પણ નિજ મંદિર ગુફા પુરતો દશ ફુટ માટે જાજમ પાથરેલ છે. જેના પર ચાલવાથી થોડી રાહત થાય છે આ પુરો પ્રવાસ તળેટી એટલે કે બાબતાલ સુધીનો લગભગ ૧૮ કિ.મી.નો રસ્તો કાપતાં લગભગ ૮ કલાક જેટલો સમય લાગે છે પણ એક વખત ત્યાં ટેન્ટમાં રાત્રી રોકાણ કરવાનો એક લ્હાવો છે. જો તમે સવારે વહેલા એટલે કે સૂર્યોદયથી પણ પહેલાં ઉઠશો તો આ આખા વિસ્તારમાં સફેદ કલરની ચાદર ઉપર ચંદ્રમાની ચાંદનીનું દશ્ય એકદમ અદ્‌ભુત લાગે છે અને ત્યારબાદ સૂરજના પ્રથમ કિરણ જે સીધા ગુફા પર પડે છે. બસ ત્યારે જ બરફના બુંદ પર સૂર્ય પ્રકાશ પડતાં જ નાના-નાના મેઘ ધનુષ થાય છે. આ એક અદ્‌ભુત નઝારો છે.

બાબતાલ તળેટીમાં નાનકડી બજાર છે. જેમાં લેહ/લડાખની ચા મળે છે. આ ચાની ખાસીયત એ છે કે તે તુલસીના પાન જેવી ચાની પત્તી હોય છે અને તેમાંથી ચોકલેટ જેવી સુગંધ આવે છે. આ ચા માત્ર લેહ/લડાખમાં જ મળે છે. ત્યાંથી શ્રીનગર જવા માટે સુમો અથવા બસ મળે છે. પોતાની બસ અથવા વાહન લાવનારને કોન્વોય સાથે જ નીકળવાનું હોય છે. આ કોન્વોય દિવસમાં માત્ર ત્રણ વખત જ નીકળે છે સવારે ૮-૦૦, બપોરે ૧૨-૦૦ અને સાંજે ૪-૦૦ વાગે. આ નિયમ મુજબ ત્યાંથી વાહન રવાના કરવામાં આવે છે. સાંજે ૪-૦૦ વાગ્યાની કોન્વોય નીકળી ગયા પછી એક પણ વ્હીકલને તે રૂટ પર જવા દેતા નથી.


*(ક્રમશઃ)*



## MATRIMONIAL

| | | |
|---|---|---|
| **NAME** | : | **KIRAN SONI** |
| **DATE OF BIRTH** | : | 5th DECEMBER, 1979 |
| **QUALIFICATION** | : | CONVENT AS SCIENCE STUDENT<br>M.Sc. (Micro Biology) |
| **APPEARANCE** | : | FAIR COLOUR, SMART, HEIGHT 5'3",<br>WEIGHT : 58 Kg. |
| **FATHER** | : | CHANDULAL SONI - BUSINESSMAN<br>NEELESH PIPE AGENCIES,<br>12, KANHAIYA MARKET,<br>OPP. BENGALI CLUB GATE,<br>KARAMCHAND CHOWK, JABALPUR. |
| **MOTHER** | : | SMT. INDUMATI SONI (HOUSEWIFE) |
| **SISTERS** | : | TWO SISTERS<br>ONE ELDER SISTER MARRIED AT DELHI |
| **BROTHERS** | : | FOUR (MARRIED) |
| **PARENTAL UNCLES** | : | HAVING TWO UNCLES ENGAGED IN SAME BUSINESS. JOINT FAMILY. |
| **RESI. ADDRESS** | : | 1079, OAK COMPOUND, NEAR UNI OFFICES,<br>GOLBAZAR, JABALPUR (M.P.) |
| **PHONE** | : | (O) 5544577, 78 (R) 2610145, 5004479 |
| **MOBILE** | : | 94251 53663 |

With Best Compliments From



નેશનલ

સાઈકલ વર્કસ

ન્યુ સ્ટેશન રોડ,
ભુજ, કચ્છ.
ફોન : ૨૨૦૬૫૮

With Best Compliments From

સોની સંજય જે. છત્રાળા
સોની જયેશ જે. છત્રાળા



ધ્રુવી સિલ્વર આર્ટ

ચાંદીના સાકરા ઓર્ડર મુજબ હોલસેલ
તેમજ રીટેલમાં બનાવી આપનાર.

૩૧૮, જુની રંવલવંડી,
રંમતેવપીર માતિર પંદે, ભુજ.
મો. ૯૮૨૫૧ ૯૧૦૦૧, ૯૮૭૯૩ ૪૮૬૪૦

With Best Compliments From

SONI DILIP KANJI
SONI SUNIL KANJI
SONI BHARAT KANJI

S. K. JEWELLERS

GOLD & SILVER ORNAMENTS

એસ. કે. જવેલર્સ

સોના ચાંદીના દાગીનાના વહેપારી

શરંફ બજાર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.
ફોન : (ઑ) ૦૨૮૩૨ ૨૩૧૧૭, ૫૭૦૦૨
(ઘર) ૪૧૬૫૮, ૪૨૫૮૪

With Best Compliments From

પ્રો. જોગેશ મણીલાલ

સોની મણીલાલ જેરામ

સોના ચાંદીના દાગીના
બનાવનાર તથા વેચનાર

દૈની વેલજી અંણાતજીની બંજુમાં,
કાદંરં બજાર, ભુજ, કચ્છ.
ફૈન : (તુ) ૨૨૬૫૮૦ (ધ) ૫૭૦૩૬૨
મૈં. ૯૮૨૫૫ ૬૩૭૦૩

## મેડિકલ હેલ્પ લાઇન

### પોલીયો સારવારમાં અગ્રેસર કરૂણા ટ્રસ્ટ મેડિકલ સેન્ટર

અમદાવાદમાં કરૂણા ટ્રસ્ટની સ્થાપના વર્ષ ૧૯૮૯માં કરવામાં આવી. તે વખતે પોલિયોગ્રસ્ત અપંગ લાચાર બાળકોની નિઃશુલ્ક સારવાર માટે અમદાવાદમાં કોઈ પણ સંસ્થા અસ્તિત્વમાં નહોતી. સમગ્ર ગુજરાતમાં પણ ફક્ત એક સંસ્થા ભાવનગરમાં હતી જે આ પ્રકારનું કાર્ય કરતી હતી. કરૂણા ટ્રસ્ટે વિચારણા બાદ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી ડો. જીતુભાઈનું આ પ્રવૃત્તિ ચાલુ કરવાનું સૂચન સ્વીકારી લીધું અને તેમના જ સહયોગથી આ પ્રવૃત્તિ ચાલુ કરી. ત્યારથી આજદિન સુધી આ પ્રવૃત્તિ ચાલુ છે. આજ દિન સુધી સંસ્થાએ ૬૦૦૦ ઉપરાંત પોલિયોગ્રસ્ત બાળકોના ઓપરેશન કરી સારવારને અંતે જરૂરી કેલીપર્સ વગેરે આપી તેમના જીવનમાં નવો પ્રાણ પૂરી તેમને લાચારીમાંથી બહાર લાવેલ છે. બાળકની જે પ્રમાણેની ખોડ હોય તે સુધારવા માટેની સારવાર એક માસથી માંડી બે વર્ષ સુધી ચાલે છે. ઘણા કેસમાં એક કરતાં વધારે ઓપરેશન કરવામાં આવે છે.

પોલીયો માટેની સંપૂર્ણ સારવાર જેમાં ઓપરેશન, દવાઓ, રહેવા જમવાની સગવડ તેમજ કેલીપર નિઃશુલ્ક આપવામાં આવે છે. બાળક સાથે આવેલ વાલીને પણ રહેવા જમવાની સગવડ વિના મૂલ્યે આપવામાં આવે છે. માઈનોર ઓપરેશનનો ખર્ચ હાલમાં રૂા. ૩,૦૦૦/- આવે છે. મેજર અને ઈલીઝારોવ મેથડથી કરાતા ઓપરેશનનો ખર્ચ રૂા. ૭૫૦૦/-થી વધુ આવે છે, જે દાતાઓ દ્વારા અપાય છે. ડોક્ટરો વિનામૂલ્યે તેમની સેવા આપે છે.

ભારત સરકાર અને સેવાભાવી સંસ્થાઓના સંયુક્ત પ્રયત્નોથી હવે પોલીયોના ખૂબ ઓછા કેસ બને છે. પોલીયોને જડમૂળથી નાબુદ કરવા 'પલ્સ પોલીયો કાર્યક્રમ હેઠળની પોલીયોની રસી સૌ બાળકોને અપાય તે માટે સૌએ સહિયારા પ્રયાસો કરવા જરૂરી છે. જ્ઞાતિજનોના હિતમાં ઉપરોક્ત માહિતી ઉપયોગી થશે તેવી આશા છે.

સંસ્થાનું સરનામું : કરૂણા ટ્રસ્ટ મેડિકલ સન્ટર, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૬૦૬૦૩, ૨૭૫૬૦૬૦૮

***<u>મેડિકલ હેલ્પ લાઇન</u>***

| | |
|---|---|
| *શ્રી અતુલ સોની* | *મો. ૯૮૨૫૦ ૩૦૧૪૦* |
| *શ્રી ગીરીશભાઈ સોની* | *મો. ૯૮૨૪૦ ૬૩૯૭૦* |
| *શ્રી પ્રશાંત બીજલાની* | *મો. ૯૮૨૪૦ ૮૧૪૯૩* |
| *શ્રી વિજય બુધ્ધભટ્ટી* | *મો. ૯૮૯૮૦ ૩૦૧૩૪* |
| *શ્રી રોહિત કે. કંસારા* | *ફોન : ૫૫૨૧૫૭૩૧* |

***– અતુલ સોની***

## અમદાવાદ દ્વારા પ્રાયોજીત 'મેડિકલ હેલ્પ લાઇન'

### દિશા નિર્દેશ

'જ્ઞાતિ સેતુ'ના જાન્યુઆરી-૨૦૦૬ અંક, પૃષ્ઠ ૧૭-૧૮ પર વિગતે જણાવ્યા મુજબ, ઉપરોક્ત સેવા માટે અમદાવાદમાં સંપર્ક સુત્ર - કાર્યકરો તથા તેમના મોબાઈલ નંબર જણાવેલ છે. આ સંદર્ભે એક અનુભવ એવો થયો કે, ભુજથી એક સેવા માટે ઈચ્છુક ભાઈ આવેલા જેમને વ્યવસ્થિત રીતે સમજાવ્યા પછી જ્ઞાતિ પ્રમુખ જાતે તેમને મળવા - સિવિલ હોસ્પિટલ ગયા પરંતુ તેમના ખૂબ પ્રયાસો છતાં ત્યાં ભેટો થઈ શક્યો નહીં કે તેઓનો કોઈ ફોન પણ આવ્યો નહીં. ફળ સ્વરૂપે બંને પક્ષે નિરાશા. 'સેવા ઈચ્છુક'ને સેવા ન મળવાની અને કાર્યકરને 'ઉપયોગી' ન થઈ શકવાની. આવું ભવિષ્યમાં ન થાય તે માટે સેવા ઈચ્છુક જ્ઞાતિ ભાઈઓને ખાસ વિનંતી છે કે તેઓ કચ્છથી નીકળતાં પહેલાં ઉપરોક્તમાંથી કોઈને પણ ફોન દ્વારા જાણ કરે. આપત્તકાલીન સંયોગોમાં એવું ન થયું હોય તો અમદાવાદમાં આવ્યા બાદ તેમનો સંપર્ક ક્યાં કરવો તે વિષે પૂરી માહિતી અવશ્ય આપે અને ખાસ કોઈ સંયોગોમાં સંપર્ક ન થયો હોય અથવા સેવાની આવશ્યક્તા ન રહી હોય તો - તે વિષે જરૂરથી જાણ કરે. માનવંતા વાંચકોને આ માહિતી પ્રસાર કરવા વિનંતી સાથે....

***અતુલ સોની - માનદ્ મંત્રી***

## મેડિકલ રાહત ફંડ

શ્રી કચ્છી મારૂ કંસારા સોની સમાજ - અમદાવાદ દ્વારા પ્રાયોજીત 'મેડિકલ રાહત ફંડ' માટે દાનપ્રવાહ અસ્ખલિત રાખવા બદલ સર્વે દાતાશ્રીઓનો હાર્દિક આભાર.

★ રૂા. ૫,૦૦૧/- શ્રીમતી સ્મિતાબેન હરીલાલ સોની (મનફરાવાલા) અંજાર તરફથી

★ રૂા. ૫,૦૦૧/- સ્વ. સોની દામજી માધવજી (શંભુભાઈ) ખેડબ્રહ્માના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી

★ રૂા. ૫૦૧/- શ્રી સોની જેઠાલાલ ટોકરશી (અમદાવાદ) તરફથી.

★ રૂા. ૫૦૧/- શ્રી સોની ગોપાલજી શામજીભાઈ દહેગામ તરફથી.

## નિકીતકુમાર કંસારાની દિલ્હી ખાતે બદલી

ભારતીય માનક બ્યુરોની અમદાવાદ બ્રાંચ ડાયરેક્ટર શ્રી નિકીતકુમારની બ્યુરોની કેન્દ્રીય કચેરી દિલ્હી ખાતે - Quality Systemsના E-Scientists તરીકે થયેલ છે. શ્રી નિકીતકુમાર 'જ્ઞાતિ સેતુ'ના તંત્રી શ્રી હંસરાજ કંસારાના સુપુત્ર છે.

## શ્રી રામસેના ગૌસેવા મિત્રમંડળ, ભુજની પ્રેરક પ્રવૃત્તિઓ

વર્ષો પહેલાં ભુજના અંજારીયા ફળીયામાં રહેતા વિવિધ જ્ઞાતિના યુવાનોએ પૂ. મોરારીબાપુની કથાના શ્રવણ બાદ એક અવિધિસરનું સંગઠન રચી સેવા પ્રવૃત્તિની શરૂઆત કરેલ. દર રવિવારે વહેલી સવારે શહેરની બહાર સીમમાંથી લીલો ચારો એકઠો કરી ભુજની નાગોર રોડની પાંજરાપોળ કે જેમાં ૮૦૦ થી ૧૦૦૦ જેટલા અપંગ ઢોર છે ત્યાં આપી આવે છે. આશ્ચર્યની વાત એ છે કે પેઢી બદલાઇ પણ આ પ્રવૃત્તિ આજ પર્યંત કોઇ પણ પ્રકારના વિધિસરના સંગઠન વગર અવિરત ચાલે છે. આ ફળીયાના વર્તમાન યુવાનોએ એમની પ્રવૃત્તિઓનો વ્યાપ થોડો વિસ્તાર્યો છે. ખોડા ઢોરની સેવા ઉપરાંત તેઓ ભુજની મેન્ટલ હોસ્પીટલમાં માનસિક વિકલાંગો માટે સવારનો નાસ્તો પહોંચાડે છે અને હોસ્પીટલમાં કોઇને રક્તની આવશ્યકતા હોય ત્યારે રક્તદાતાની સગવડ કરી આપે છે આપણી જ્ઞાતિના યુવાનો શ્રી કમલેશ પી. પોમલ, શ્રી પ્રવિણ આઇ. બુધ્ધભટ્ટી, વિજય જે. સાકરીયા, રમેશ આર. બીજલાણી, નંદુ નદા, મહેન્દ્ર એસ. બીજલાણી વિગેરે સક્રિય સેવા આપે છે.

છેલ્લાં પંદર વર્ષમાં ભુજની સીમ માઇલો દુર થતી ગઇ તેથી લીલો ચારો તેઓને બજારમાંથી ખરીદવો પડે છે. આ ઉપરાંત માનસિક વિકલાંગોના મનોરંજન માટે નાસ્તા-પાણી અંગે પણ ખર્ચ થાય છે. આ અંગે દર અઠવાડિયે લગભગ રૂપિયા ૨૫૦૦થી ૩૦૦૦ જેટલો ખર્ચ થાય છે. આ ખર્ચને પહોંચી વળવા હવે તેઓને દાનની આવશ્યકતા છે. યુવા વર્ગની કાર્ય નિષ્ઠા જોતાં લાગે છે કે આ દાનનો સદ્ઉપયોગ જ થશે.

## માં

- ☆ વિશ્વની સૌથી સુંદર વસ્તુ 'માં' છે.
- ☆ 'માં'નો પ્રેમ વાસ્તવિક્તાનું પ્રતિબિંબ છે.
- ☆ 'માં' પ્રત્યે સાચા અર્થમાં હમદર્દ થવું જોઈએ.
- ☆ માં નો પ્રેમ સૌથી વધુ સુંદર અને મીઠો હોય છે.
- ☆ માતાની શિખામણ, પિતાનો ઠપકો અને ગુરૂની ટકોરમાં ઈશ્વરના દર્શન થાય છે.
- ☆ માતાપિતાની સેવા કરવાનો અવસર 'ધન્ય' છે.
- ☆ અપકારનો બદલો ઉપકારથી આપે તેનું નામ 'માં'.
- ☆ 'માં'ને શરણે સંસારની ઉપાધિનો અંત.
- ☆ ધરતી અને માં સહન કરવા જ જન્મ લે છે.
- ☆ પત્ની 'લક્ષ્મી' છે તો માં ને 'મહાલક્ષ્મી'.
- ☆ દીકરી ઘર છોડે ત્યારે, દીકરો તરછોડે ત્યારે મા-બાપની આંખમાં આંસુ આવે છે.
- ☆ તેં જ્યારે ધરતી પર પહેલો શ્વાસ લીધો ત્યારે તારા માતા-પિતા તારી પાસે હતા, હવે જ્યારે તારા માતા-પિતા છેલ્લો શ્વાસ લે ત્યારે તું એમની પાસે રહેજે.
- ☆ સગવડ માટે મા-બાપથી જુદા થવું પડે તો વાંધો નહીં, પણ સ્વભાવ માટે જુદા થાવ તો શરમ જેવી વાત છે.
- ☆ ઘરની 'માં'ને રડાવે ને મંદિરની 'માં'ને ચુંદડી ઓઢાડે. પણ યાદ રાખજો : મંદિરની માં 'ખુશ' નહીં, 'ખફા' થશે.
- ☆ પત્ની પસંદગીથી મળે છે, મા-બાપ પુણ્યથી મળે છે. પસંદગીની ચીજ મળવાથી, પુણ્યથી મળેલી ચીજને ઠુકરાવશો નહીં.
- ☆ એક બાપ દસ દીકરાને પોષી શકે, પરંતુ દસ દીકરા એક બાપને નિભાવી શકતા નથી.

***બુધ્ધભટ્ટી નીલમ ગોવિંદભાઈ***

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - માંડવી (કચ્છ)

પ્રાપ્ત માહિતી અનુસાર માંડવીના કાલીકા મંદિરમાં મળેલી સામાન્ય સભામાં મારૂ કંસારા સોની જ્ઞાતિ માંડવીની નવી કારોબારીની રચના થયેલ છે. જેના માનદ્ હોદ્દેદારો નીચે મુજબ છે.

| | |
|---|---|
| વિનોદભાઈ વલ્લભદાસ હેડાઉ | -પ્રમુખ |
| સંજયભાઈ મનસુખલાલ બુધ્ધભટ્ટી | -ઉપપ્રમુખ |
| રમેશભાઈ વાલજી બીજલાણી | -માનદ્ મંત્રી |
| હરેશભાઈ નેણશી બારમેડા | -સહમંત્રી |
| સુરેશભાઈ પ્રાગજી સોલંકી | -ખજાનચી |

તદુપરાંત કારોબારીના સભ્યોની વરણી થયેલ છે. 'સેતુ'ના શ્રી માંડવી જ્ઞાતિની કારોબારીને હાર્દિક અભિનંદન.

## ગણિત ગમ્મત

૧. એવી કઈ ત્રણ સંખ્યા છે, કે તેનો સરવાળો અને ગુણાકારનો જવાબ સમાન આવે છે.

૨. ૧થી ૯ સુધીની રકમને એક કોઠામાં ૩ ટોકઠામાં એવી રીતે પૂરો કે જેથી જવાબ કોઈપણ ત્રણે બાજુથી ૧૫ આવે. આ કોઠો નીચે આપેલ છે. કોઠામાં એક સંખ્યા બીજીવાર આવવી જોઈએ નહીં.

૩. ૯નો ઘડિયો લખવાની તદ્દન સહેલી રીત નીચે આપેલ છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૯ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ | ૦ |

***દિશાંક મહેશચંદ્ર સોની - ગાંધીધામ***

ભુજ જ્ઞાતિને મંદિર નવનિર્માણ બદલ અભિનંદન ★ શુભેચ્છક : ત્રિપુરારી જ્વેલર્સ - અમદાવાદ

# ગૌ-સેવાનું પ્રતીક કોટડા(ચ.)ની શ્રીમદ્ ભાગવત કથા

**જાગૃતિ મુકેશભાઈ બારમેડા**

ભુજ તાલુકાનું એક નાનકડું ગામ કોટડા (ચકાર). આ ગામની સમસ્ત વસતિએ સાથે મળી, ગૌશાળાના લાભાર્થે ભાગવત સપ્તાહનું આયોજન કર્યું. આ જ્ઞાન યજ્ઞ માટે હરિઓમ આશ્રમના સુશ્રી ભારતીદીદી પધાર્યા હતા. તા. ૨૮-૧૧-૦૫ના રોજ યોજીત શોભાયાત્રાના પ્રસંગે વરલીવાળા પ.પૂ.સંતશ્રી પરષોત્તમદાસજી મહારાજ, વિરાણીના પ.પૂ.સંતશ્રી શાંતિદાસજી મહારાજ તથા પીરાણાના પ.પૂ.સંતશ્રી નાનકદાસજી મહારાજ જેવા મહાન સંતો પધાર્યા હતા. સપ્તાહભર ચાલેલી આ કથામાં કુલ ૧૩ પોથીઓ રાખવામાં આવી હતી. જેમાં આપણી જ્ઞાતિના અગ્રણી કાંતિલાલ કેશવજી બારમેડા પરિવાર કોટડા (ચ.) તા. ભુજ, કચ્છ તરફથી, તેમના પ.પૂ.પિતાશ્રી સ્વ. કેશવજી જગશી બારમેડાના નામની પોથી રાખવામાં આવી હતી.

સુશ્રી ભારતી દીદીએ જ્ઞાનયજ્ઞનો શુભારંભ કરતાં કહ્યું, કે આજના સમયમાં આવા કાર્યક્રમોની ખૂબજ જરૂર છે. ભારતી દીદીએ અહીંના ગ્રામજનોને વ્યસનો તજવાની શીખ આપી ત્યારે સમસ્ત ગ્રામ સમુદાય વતી એક વડીલ અગ્રણીએ દીદીને વચન આપ્યું કે એમના ગામમાંથી ૧૧૦ જણ વ્યસન મુક્ત થશે. અહીંના લોકોએ તેમના વચનનું પાલન કર્યું છે. સુશ્રી દીદીની અમૃતવાણી સાંભળવા માટે આજુબાજુના પંદર ગામના લોકો આવતા હતા.

કથા પ્રસંગોને અનુરૂપ દૃશ્યોનાં સર્જન માટે આપણા પરિવારના રાજકુમાર અરવિંદભાઈ બારમેડાએ બાલકૃષ્ણનું વેશ પરિધાન કર્યું હતું અને આ પ્રસંગમાં 'જય કનૈયા લાલકી, હાથી ઘોડા પાલખી'ના જયજયકારથી આખુંય ગોકુળધામ સમું કોટડા (ચ.) ગામ ગૂંજી ઉઠ્યું હતું. બીજા દિવસે ગોવર્ધન પૂજાનો પ્રસંગ ઉજવવામાં આવ્યો હતો. તા. ૪-૧૨-૦૫ના રૂક્ષ્મણી વિવાહનો ઉત્સવ પણ વ્રજમાં લગ્ન થતા હોય તેવી રીતે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગમાં ગામની જ બે દીકરીઓના સાચે જ લગ્ન કરવામાં આવ્યા હતા.

કથા દરમિયાન સુશ્રી ભારતી દીદીના ગુરૂજી એવા પ.પૂ.ભગવતાનંદજી મહારાજ, તેમની વિરક્ત મંડળી સાથે પધાર્યા હતા. અહીંના લોક સમુદાયને ગુરૂશ્રીએ પોતાના આશિર્વાદ આપ્યા હતા.

મહાનુભાવો જેવા કે કચ્છના સાંસદ શ્રી પુષ્પદાનભાઈ ગઢવી, કચ્છ જીલ્લા પંચાયતના પ્રમુખ શ્રી જીવાભાઈ શેઠ, મુંદ્રાના ધારાસભ્ય શ્રી ગોપાલભાઈ ધુઆ, માંડવીના ધારાસભ્ય શ્રી છબીલભાઈ પટેલ, ભુજના ધારાસભ્ય શ્રી શિવજીભાઈ આહીર, અંજારના માજી ધારાસભ્ય શ્રી વાસણભાઈ આહીર, ભુજના પ.પ્રમુખ શ્રી પુષ્પાબેન પીંડોરીયા, ભુજ તા.પં.ના ઉપપ્રમુખ શ્રી પુંજાભાઈ બીજલ, કચ્છ પી.જી.વી.સી. સેલના વડા પી. સી. જાડેજા, કોટડા (ચ.) તા.પં.ના સદસ્ય મંગલભાઈ મહેશ્વરી, કચ્છ ભાજપ મંત્રી જયંતભાઈ માધાપરીયા વિ. મહેમાનોએ પણ સુશ્રી દીદીની અમૃતવાણીનો લાભ લીધો હતો.

ભાગવત સપ્તાહ દરમિયાન દરરોજ રાત્રે અવનવા સાંસ્કૃતિક કાર્યક્રમો ગોઠવવામાં આવ્યા હતા. જેમાં ગામના યુવક-યુવતીઓ તથા શાળાના ભૂલકાઓએ પણ પોતાની આગવી શૈલીમાં જુદા જુદા કાર્યક્રમો રજૂ કર્યા હતા. ડાયરો અને દાંડિયા રાસ જેવા કાર્યક્રમો પણ રાખવામાં આવ્યા હતા.

સપ્તાહ દરમિયાન પાંચેક હજાર જેટલો જનસમુદાય એક ટાઈમમાં થઈ જતો હતો. જેમને પ્રસાદરૂપે બંને સમયની ભોજન વ્યવસ્થા પણ હતી.

આ જ્ઞાનયજ્ઞની ફળશ્રુતિરૂપે ગૌશાળાના લાભાર્થે સતત દાનપ્રવાહ વહેતો રહ્યો હતો.

"પંછી પાની પીનેસે ઘટેના સરીતા નીર,
દાન કરે ધનના ઘટે, સહાય કરે રઘુવીર."

આ પંક્તિને લોકોએ સાર્થક કરી બતાવી હતી. બધા પ્રસંગોના ચડાવામાં ગામના લોકો તેમજ બહારગામ વસતા અહીંના લોકો જેવા કે મુંબઈ, ઔરંગાબાદના ભાઈઓએ યોગદાન આપ્યું હતું તેમજ કથા દરમિયાન ગાયોને ચારો, પક્ષીને ચણ તથા કૂતરાને રોટલા, કીડીને કીડીયારું આઠે આઠ દિવસ દાતાઓ દ્વારા આપવામાં આવ્યા હતા. કથામાં જે મહાપ્રસાદની વ્યવસ્થા હતી તે માટે પણ અલગ અલગ દાતાઓ તૈયાર થઈ ગયા હતા. અને છેલ્લે કથા વિરામ પ્રસંગે પૂ. ભારતીદીદીએ શ્રોતાજનોને કહ્યું કે ભાગવતની કથા એ કલ્પવૃક્ષ છે અને એની છાયામાં સાત દિવસ બેસીને ખૂબજ આનંદ થયો છે. આ કથાનું આયોજન મહાજન મંડળ, સનાતન સમાજ, સતપંથ સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું.

ભુજ જ્ઞાતિને મંદિર નવનિર્માણ બદલ અભિનંદન ★ શુભેચ્છક : હસમુખ એન. ભીંડાણી - અમદાવાદ

# હાર્દિક અભિનંદન

## કચ્છી મારૂ કંસારા સોની સમાજનું ગૌરવ

કચ્છ ભુજના વતની કુ. હેતલ બારમેડાનું સમાજસેવા માટે માનનીય શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા તા. ૨૬-૩-૨૦૦૬ના રોજ ટાઉન હોલ, ગાંધીનગર ખાતે, સન્માન થયું. સમાજના અગ્રણીઓ અને ગાંધીનગર શહેરવાસીઓથી ભરચક ટાઉન હોલમાં વિવિધ ક્ષેત્રે સન્માનીત મહાનુભાવો સાથે, શ્રીમતી આનંદીબેને કુ. હેતલની સેવાઓ બિરદાવી - એને નામદાર રાજ્યપાલશ્રીનો સુવર્ણ ચંદ્રક તેમજ રૂા. ૫૦,૦૦૦/-નો રોકડ પુરસ્કાર, એનાયત કર્યો ત્યારે અમદાવાદના આપણી જ્ઞાતિના કાર્યકરો અને પ્રમુખશ્રી મનુભાઈ કોટડીયા, જેઓ, આ સમારંભના સાક્ષી હતા તેમને અત્યંત ગૌરવની લાગણીનો અનુભવ થયો. શ્રીમતી આનંદીબેને ખાસ કુ. હેતલ સાથે અને આપણી જ્ઞાતિના પ્રમુખશ્રી સાથે તસવીર ખેંચાવાની પણ સપ્રેમ સંમતિ આપી.

આ સમારંભમાં આપણી જ્ઞાતિ માટે ખાસ એવા એક ખાસ અતિથિ હતા, આપણા નખત્રાણાના શ્રી ભરતભાઈ બગ્ગા. એમણે પણ કુ. હેતલની સિધ્ધિઓને લાગણીસભર શબ્દોમાં બિરદાવી.

કુ. હેતલનો જન્મ ભુજ કચ્છમાં, તા. ૪-૭-૮૧ના રોજ થયો છે. એમણે સંસ્કૃત સાથે એમ.એ. કર્યું છે. તેઓ હાલે અધ્યાપન ક્ષેત્રે કાર્યરત છે.

કુ. હેતલનું આ સન્માન એમની નીચેની નોંધપાત્ર કામગીરી બદલ મળ્યું છે.

તા. ૧-૩-૦૪થી ૩૦-૬-૦૪ સુધી ૧૦૪૯૦ વ્યક્તિના જન્મ મરણના રજીસ્ટ્રેશન. કમિશનરશ્રી હેલ્થ અને મેડિકલ સર્વિસીસ, ગાંધીનગર દ્વારા ડિસ્ટ્રીક્ટ કો-ઓર્ડિનેટર તરીકે નિમણુંક આપવામાં આવી હતી.

કુ. હેતલે કચ્છના ૯૦૦ ગામડાઓની મુલાકાત લઈ લોકોને જન્મ-મરણ રજીસ્ટ્રેશન કરાવવા સમજણ આપી હતી. તદુપરાંત તા. ૨૪-૭-૦૪ના રોજ કારગીલ વિક્ટરી દિન ઉજવણી સબબ ૧૫૦ વિદ્યાર્થીઓની રેલી કાઢી હતી. શિક્ષક દિન, સાહિત્ય દિન, યુથ વીક, વર્લ્ડ એઈડ્સ દિન આદિની ઉજવણી કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે કુ. હેતલને ૨૦૦૧-૦૨ના વર્ષ માટે જીલ્લા અને રાષ્ટ્રીય કક્ષાની 'યુવા પ્રતિભા' રાષ્ટ્રીય યુવા પુરસ્કાર રાષ્ટ્રપતિ એવોર્ડ મળેલ છે. આ એવોર્ડને ધ્યાનમાં રાખી ભારત સરકારના ખેલ મંત્રાલય દ્વારા ૨૫-૧૧-૦૩થી ૩-૧૨-૦૩ સુધી 'અંબુજા, નાઈજીરીયા' ખાતે કોમનવેલ્થ યુથ ફોરમ-૪ માં, ભારત દેશના યુવાવર્ગનું પ્રતિનિધિત્વ કરવા તેમનું ચયન થયું હતું.

કુ. હેતલને 'સેતુ'ના હાર્દિક અભિનંદન. તેઓશ્રી ઉત્તરોત્તર પ્રગતિશીલ સમાજસેવી બની કચ્છી મારૂ કંસારા સોની સમાજને ગૌરવ બક્ષે તેવી શુભ કામના.

*– મુખ્ય તંત્રી*

## વિજ ઉપકરણોનું એસ.એમ.એસ. દ્વારા સંચાલન! કચ્છી યુવાનની શોધ

**મોબાઈલની ચાંપ દબાવતા જ ફ્રીઝ, ટી.વી. ને પંખા ચાલુ-બંધ થાય**



શું કોઈ મોબાઈલ ફોનના એસ.એમ.એસ. દ્વારા દૂરથી પોતાના ઘર કે ઓફિસમાં કામ કરતા ફ્રીજ, ટી.વી., પંખા, એરકન્ડિશનર જેવા ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણોને ચાલુ બંધ કરવાના આદેશ આપી શકે છે?

નિરમા યુનિવર્સિટીના ટેક્નોલોજી ઈન્સ્ટીટ્યૂટના ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન વિભાગના વિદ્યાર્થી પુનિત સોનીનું કહેવું છે કે, 'હા, એ સંભવ છે' પુનિતે પોતાના મિત્રો સની વાઘેલા અને કોમલ શાહ સાથે મળી આ બાબતે એક પ્રોજેક્ટ તૈયાર કર્યો છે. નિરમા યુનિવર્સિટીના ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન વિભાગ દ્વારા તાજેતરમાં આયોજિત રાષ્ટ્રીય કક્ષાના સિમ્પોઝિયમ - પ્રિવોયન્સ-૨૦૦૬માં આ પ્રોજેક્ટનું પુનિતે જીવંત નિદર્શન કર્યું હતું.

ઘર બંધ કરી બહાર નીકળતા સમયે પંખો, ટી.વી., ફ્રીઝ, એરકન્ડિશનર જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણ બંધ કરવાનું ભૂલી જવાય અને બહાર ઘણાં દિવસો રોકાવાનું થાય તો તમે તમારા મોબાઈલ ફોન દ્વારા નક્કી કરાયેલા નંબરથી એસ.એમ.એસ. કરી આ ઈલેક્ટ્રોનિક ઉપકરણો બંધ કરી શકો છો અથવા પરત આવતાં પહેલા તેને ચાલુ કરી શકો છો. આ રજૂઆતને રાષ્ટ્રીય કક્ષાએ શ્રેષ્ઠ જાહેર કરી તેને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે.

પુનિતને વિશ્વાસ છે કે આ ટેક્નોલોજીનો ઉપયોગ શહેરી જીવન માટે આશીર્વાદરૂપ બનશે. પુનિત એના પ્રોજેક્ટના સંશોધનાત્મક કાર્ય માટે પ્રોત્સાહન આપવા બદલ નિરમા ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેક્નોલોજીનો ખૂબ આભાર માને છે.

પુનિત સોનીની ઉપરોક્ત સિધ્ધિને વર્તમાનપત્રો કચ્છ મિત્ર, ફુલછાબ તથા ઈ-ટી.વી. ગુજરાતી અને 'ટાઈમ્સ નાવ' જેવી ઈંગ્લીશ ચેનલો દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

***પુનિત સોની આપણી અમદાવાદ જ્ઞાતિના માનદ્ મંત્રી શ્રી અતુલ સોનીના પુત્ર છે. પુનિતને તેમની સિધ્ધિ બદલ ખૂબ ખૂબ અભિનંદન અને તેઓ તેમના ક્ષેત્રમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી "સેતુ" પરિવાર તરફથી શુભેચ્છા.***

*— મુખ્ય તંત્રી*

# આપણો સમાજ એના યુવા-વર્ગ માટે શુ કરે

શ્રીમતી કવિતા કે. સોલંકી

આ લેખ આપણા સમાજ તેમજ તેના યુવા-વર્ગ પર લેખિત કરાય છે, તો સર્વપ્રથમ સમાજની ઓળખ શું છે, તે જાણવું જરૂરી છે.

**સ** : સહકાર, **મા** : માનવીય, **જ** : જમાત

આ સમાજ એક વટવૃક્ષ માફક છે. જેનું થડ છે, સમાજના વડીલો અને શાખાઓ છે સમાજનો યુવા-વર્ગ. આ શાખાઓનું થડ મજબૂત હોય અને તેના દ્વારા શાખાઓમાં જે પ્રોત્સાહન, પ્રેરણા, પરંપરા, પ્રણાલી, સંસ્કૃતિ અને સંસ્કારના જતનની સાચી દોરવણીનું સિંચન કરવામાં આવે તો આ શાખાઓ ખૂબ દૂર સુધી વિસ્તરી શકે છે. તેના પર આવનારા પાંદડાઓ એક ગૌરવનાં રંગથી રંગાઇ શકે છે. ફૂલ નવા ઉત્સાહ સાથે ખીલી શકે છે, અને તેનાથી પ્રાપ્ત થનાર ફળ એક ઉત્કૃષ્ટ સમાજની રચના કરી શકે છે.

ટૂંકમાં આ બધી વાતોનો આધાર આપણાં સમાજની આજની યુવા-વર્ગ માટે કરેલી પ્રવૃત્તિ અને દોરવણી પર છે. આપણો સમાજ આજે પ્રગતિના પથ પર આગળ વધી રહ્યો છે, તે ખુબ જ સરસ વાત છે. પરંતુ, હજુ તેમાં અમુક ઉમેરાશ કરાય તો પ્રગતિના પથ પર ફૂલ ખીલી જાય.

આજનો સમય જયારે અગ્નિકાળ જેવો છે, આર્થિક અને સામાજિક સ્થિતિ બદલાઇ ગઇ છે, કમાવાની તકો તીવ્ર હરિફાઇ યુક્ત થઇ ગઇ છે, વ્યાજનો દર ઘટી ગયો છે, અને ઉછીના નાણાં આપવામાં ખોટા થવાની શક્યતા વધી ગઇ છે. આ હકીકત ફક્ત આપણાં સમાજ માટે જ નહિં, દરેક સમાજ માટે છે. જેના કારણે આજે સમાજનાં અનેક કલાકાર, જીતકાર 'બેકાર' બનીને બેઠા છે. આ બધાને સમાજના આવકારની જરૂર છે.

*"હે યુવાનો! તમે બધા રાણા પ્રતાપ છો,*
*જિંદગીનાં જંગ તમારે જીતવાના છે,*
*તો અમે પણ વીર ભામાશા છીએ,*
*જંગ જીતાડવાનાં અમને હોડ છે,*
*મદદ, સલાહ, નાણાંની કોથળી ઠાલવી નાંખશું,*
*ધોધમાર વરસાદ વરસાવી દઇશું,*
*આગળ વધો, જીતો જંગ - રાખો રંગ."*

આજનો યુગ બદલાઇ ગયો છે. યુવા-વર્ગ અને આગલી પેઢી વચ્ચેનાં મતભેદો વધતા ગયા છે. એવા સમયે જો વડીલો પોતાના વિચારોની દોરવણી યુવા-વર્ગોમાં કરે અને પોતે પણ યુવા-વર્ગનાં વિચારો-પધ્ધતિ અપનાવી યુવા-વર્ગ માટે મોકળાશનો માર્ગ ખુલ્લો કરે તો સમાજનાં હાથા સમાન યુવા-વર્ગ સમાજને વધુ સારી રીતે આગળ ચાલતાં દિપાવી શકે છે.

સમાજ યુવા-વર્ગને અભ્યાસ ધોરણે, વ્યવસાયિક ધોરણે, આર્થિક ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે વિવિધ આયોજનો દ્વારા સહાય કરે, જીવનમાં સમયની મહત્તા સમજાવે કે જે બચપણથી જ સમયની પળપળનો સદુપયોગ કરે છે તે આગળ જતાં મોટા મોટા પરિણામો લાવી શકે છે.

આજનો સમગ્ર નહિં પરંતુ અડધાથી વધુ કહીએ તો ચાલે, એવો યુવા-વર્ગ ફક્ત આધુનિક યુગની ગાંડી ઘેલછા તરફ દોડ્યા કરે છે, અને ઘણીવાર તો પૈસાદાર દેખાવાના પ્રયત્નમાં જ ગરીબ થતો જાય છે. તો આવા યુવા-વર્ગને યોગ્ય વાતાવરણ આપી જીવનનો મધ્યમ માર્ગ બતાવવો એ સમાજની ફરજ છે. સમાજ યુવા-વર્ગને નીચેના અમુક સિધ્ધાંતો દ્વારા મદદ કરી શકે જેમ કે,

- **અભ્યાસ ધોરણે :-**

આજે ભણતરનું ધોરણ ખૂબ ઊંચું આવી ગયું છે. જીવનના દરેક ક્ષેત્રે ભણતરનું મહત્વ વધી રહ્યું છે. યુવા-વર્ગને ભણતર પ્રત્યે જાગૃત કરવું એ સમાજનું કર્તવ્ય છે. આજે તો કેટલાય ડિગ્રી-ડિપ્લોમા કોર્સીસ ચાલુ થઇ ગયાં છે. આ બધા વિષે કેમ્પ, વિષય સંકલિત નિષ્ણાંતો દ્વારા સમજણ આપવામાં આવે.

સમાજે યુવા-વર્ગને ડીબેટ જેવી પ્રવૃત્તિ માટે સંગઠિત કરવું જોઇએ કે જેમાં યુવા-વર્ગ એક બીજા સમક્ષ વાદ-સંવાદ, ચર્ચા-વિચારણા કરી એકબીજાના વિચારો જાણે. એક-મેકને ઓળખે અને પોતાનું એક યુવા અસ્તિત્વ ઊભું કરે અને અન્યોને પણ ઉત્સાહ અર્પે.

આજે ફક્ત છોકરાઓને આગળ ભણાવવું અને છોકરીઓને આગળ ન ભણાવવું એવો આગ્રહ ન રાખતાં સમાન ભણતરની સમાજે નોંધ લેવી રહી. આજે જો છોકરી એજયુકેટેડ હશે તો પરિવાર પણ સુશિક્ષિત થશે. આવનાર પેઢીમાં પણ તે મુજબના સંસ્કારનું સિંચન થશે. તેવું જ વલણ છોકરાઓ માટે પણ હોવું જોઇએ. આપણા સમાજમાં વિચારાય છે કે, છોકરાઓને ભણાવી શું કરવું છે? તેને તો બાપ દાદાનો ધંધો જ સંભાળવાનો છે ને! પણ એવું નથી, ભણતરની જરૂરિયાત આજે દરેક ક્ષેત્રે પડે છે.

ભુજ જ્ઞાતિને મંદિર નવનિર્માણ બદલ અભિનંદન ★ શુભેચ્છક : વિશ્વકર્મા સ્ટુડિયો, જેઠાલાલ ટોકરશી બારમેડા - અમદાવાદ

# કાવ્યો

## જીવન આદર્શ

ખાવા જેવી કોઇ ચીજ હોય તો...... ગમ
ગળી જવા જેવી કોઇ ચીજ હોય તો......અપમાન
પચાવવા જેવી કોઇ ચીજ હોય તો...... બુધ્ધિ
પીવા જેવી કોઇ ચીજ હોય તો....... ક્રોધ
આપવા જેવી કોઇ ચીજ હોય તો....... દાન
લેવા જેવી કોઇ ચીજ હોય તો...... જ્ઞાન
જીતવા જેવી કોઇ ચીજ હોય તો....... પ્રેમ
હારવા જેવી કોઇ ચીજ હોય તો..... અભિમાન
દેખાડવા જેવી કોઇ ચીજ હોય તો...... દયા
સાંભળવા જેવી કોઇ ચીજ હોય તો...... ગુણ
બોલવા જેવી કોઇ ચીજ હોય તો..... સત્ય
કરવા જેવી કોઇ ચીજ હોય તો..... સેવા
ફેંકવા જેવી કોઇ ચીજ હોય તો..... ઈર્ષા
વશ કરવા જેવી કોઇ ચીજ હોય તો.......મન
છોડવા જેવી કોઇ ચીજ હોય તો...... અનીતિ
સાચવવા જેવી કોઇ ચીજ હોય તો....... ઈજ્જત

**પોમલ હની રામદાસભાઇ - અંજાર**

## હે પ્રભુ!

જન્મ આપ્યો છે જીવવા માટે
તો મૃત્યુ પ્રભુ શાના માટે?
બાગ આપ્યો છે ફૂલો માટે
તો કંટક પ્રભુ શાના માટે?
શ્રધ્ધા આપી છે ભક્તિ માટે
તો અંધશ્રધ્ધા શાના માટે?
દરિયો આપ્યો છે તરવા માટે
તો ડુબાડો શાના માટે?
પરિશ્રમ કરાવ્યો છે સફળતા માટે
તો નિષ્ફળતા શાના માટે?
કહો છો હું રહું છું બધે
તો દેખાતા નથી શાને માટે?

**મૈત્રી રાજેશકુમાર કટ્ટા - રાજકોટ**

## હાઈકુ

*અખૂટ છે આ*
*શું? પ્રેમની વખાર*
*આપણું દિલ!*

*ફુલ બનીને*
*મહેકવા માગું છું*
*હર કદમ!*

**સોની જીનલ પી. - નાગલપર (માંડવી, કચ્છ)**

## મૌન

*સળવળી રહ્યું છે કાંઇક ભીતરને ભીતર અજંપાનું અંતર,*
*ઘર કરી રહ્યું છે ઈર્ષાને નિરાશાથી કેવુ અનોખું તંતર.*
*વિચારો સદીઓના પ્રકાશતણા કદી છોડી શકું નહિ,*
*અટવાણી હું એવી ઘોર અંધકારને પણ તોડી શકું નહિ.*
*ખિલતી જાઉં હું ફેલાવીને ખુશ્બુ ચોમેર અવકાશમાં,*
*છતાંય સતાવે છે ડર ખરવાનો મને કાયમ પ્રકાશમાં.*
*કરું બંધ હવે તો ધારણ કરી લઉં અખંડ મૌન સદીઓના,*
*સમાવું સાગરમાં નિજના તુફાનને બની વહેણ નદીઓના.*
*તુફાનો પણ શમતા હોય છે કેવા સમયના દેશમાં,*
*એટલે જ તો બની જાઉં છું શાંત મૌનના હર નવા વેશમાં.*

**મનાલી એ. સોની - અંજાર**

## વિરહનું દર્દ

દિલ આપ્યું હતું મેં જે તમને,
તે તો પાછું આપતા જાઓ.
વહી ગયા છે મારા આંસુ,
તેની કિંમત તો ચૂકવતા જાઓ.
ગયા છો અમને એકલા મૂકીને,
કાંઇક સહારો તો આપતા જાઓ.
શું પ્રેમનો અંત આવો જ હશે?
તેનો જવાબ તો આપતા જાઓ.
મારી સાથે કર્યું તે બીજા સાથે ન કરતા
તેનું વચન તો આપતા જાઓ.
તમે અમારા નથી તેનું દુઃખ છે,
જતાં-જતાં એકવાર તો હસતા જાઓ.
જો આમાનું કાંઇ પણ ન આપી શકો,
તો થોડું ઝહેર તો આપતા જાઓ.

**ધારા નીતીનભાઇ બુધ્ધભટ્ટી- અંજાર**

## કોણે શું આપ્યું?

*ચંદ્રે શીતળતા આપી,*
*સૂર્યે તડકો આપ્યો*
*સાગરે મીઠું આપ્યું,*
*વૃક્ષોએ છાંયો આપ્યો.*
*વાદળે વરસાદ આપ્યો,*
*ધરતીએ અનાજ આપ્યું.*
*ફૂલોએ આપી સુગંધ.*

*વાત કરીએ જો*
*માનવીની*
*તો માનવીએ શું*
*આપ્યું?*
*આઘાત, વેદના,*
*દુઃખ, તિરસ્કાર.*

**નીલમ ગોવિંદભાઈ બુધ્ધભટ્ટી - નખત્રાણા**

# મારૂં બાળક કંઈ ખાતો જ નથી

શ્રીમતી હંસા સોની

મારૂં બાળક કંઈ ખાતું નથી. તો શું કરવું? આ પ્રશ્ન લગભગ તમામ નાના બાળકોની માતાઓ માટે શિરદર્દ સમાન બની રહ્યો છે. મોટાભાગની મમ્મીઓ આજ કારણથી પરેશાન રહે છે. આ માતાઓને સામેથી પૂછવામાં આવે કે તમારૂં બાળક કંઈ ખાતું નથી તો આખો દિવસ તોફાન કરવાની શક્તિ એનામાં ક્યાંથી આવે છે? આ પ્રશ્નને વિગતવાર સમજવા આપણે ૧ વર્ષથી ૧૨ વર્ષના બાળકને રોજ કેટલી કેલેરી શક્તિની જરૂર છે તે સમજીએ.

| *વર્ષ* | *કેલેરી* | *વર્ષ* | *કેલેરી* |
|---|---|---|---|
| ૧ થી ૩ : | ૧૨૦૦ | ૪ થી ૬ : | ૧૫૦૦ |
| ૭ થી ૯ : | ૧૮૦૦ | ૧૦ થી ૧૨ : | ૨૧૦૦ |

બાળકને તેની જરૂરિયાત મુજબની કેલેરી મળી રહે તો તે રોજીંદી પ્રક્રિયા સારી રીતે કરી શકે છે.

સામાન્ય રીતે બાળક ભાણે બેસીને બરાબર જમતું નથી પરંતુ આખો દિવસ બીજું કંઈ બિસ્કીટ, ચોકલેટ્સ, ચીપ્સ, પીપરમેન્ટ જેવી વસ્તુમાંથી જરૂરી શક્તિ મેળવી લે છે.

હવે સાચો પ્રશ્ન એ છે કે બાળકને આચરકૂચર ખાવાથી શક્તિ તો મળે છે પણ જરૂરી પ્રોટીન, વિટામિન્સ કે ખનિજ તત્ત્વો મળતા નથી અને તેથી બાળકની રોગ પ્રતિકારક શક્તિ ઘટતી જાય છે અને બાળક અવારનવાર માંદુ પડે છે.

ફરી પ્રશ્ન થાય કે બાળક શા માટે ભાણે બેસી બરાબર ખાતો નથી? આ માટે એકથી વધારે કારણો હોઈ શકે છે. જેના વિશે જાણકારી મેળવવી જરૂરી છે.

- **વિવિધતાનો અભાવ :**

બાળક સ્વભાવે ખૂબ ચંચળ હોય છે. તેને એક જ પ્રકારના ખોરાકમાં રસ પડતો નથી. બાળકની સહનશક્તિ ઓછી હોય છે. તેથી એકજ પ્રકારના રોટલી - દાળ - ભાત વિ.થી જલદી કંટાળી જાય છે. આથી ખોરાકમાં વિવિધતા લાવવી જરૂરી છે. વિવિધ પ્રકારના સૂપ, સ્વાદિષ્ટ નુડલ્સ, સેન્ડવીચ વગેરેથી નવા સ્વાદ લાવી શકાય અને બાળકને તેમાં વિવિધતા લાગે અને તેને વિશ્વાસ બેસે કે ભાવતાં ભોજન તેની મમ્મીને બનાવતાં આવડે છે. તો તે પછી જરૂરથી ખાશે.

- **ટી.વી. જાહેરાતની અસર :**

ટી.વી.માં રંગબેરંગી ખોરાક પીરસાતા જોઈ બાળકને તે ખાવાનું મન થાય. આથી જો સામાન્ય વાનગીને પણ જુદા જુદા રંગથી સજાવીને પીરસવામાં આવે તો બાળકને ખાવાની મજા આવે છે. દા.ત. રોટલીની અંદર શાક મૂકી તેનો રોલ બનાવી, કેચ-અપ સાથે આપવામાં આવે. મેથી કે પાલકના થેપલાને જુદા જુદા આકારમાં કાપીને સજાવવામાં આવે કે બે-ત્રણ જાતના ફળો કાપી ડિશમાં આકર્ષક રીતે ગોઠવીને આપવામાં આવે તો બાળકને ખાવાની મજા પડી જાય છે. આ રીતે પોષક વાનગી પણ આપી શકાય છે.

- **રમતિયાળપણું :**

વધું પડતું રમતિયાળ બાળક જમતી વખતે ધ્યાન કેન્દ્રિત કરી શકતું નથી. રમતમાંને રમતમાં તેને ભૂખ પણ લાગી હોય તો પણ તે ભૂલી જાય છે. આવા બાળકોને આખો દિવસ જમવા માટે દબાણ કરવાના બદલે જ્યારે તેને ખરી ભૂખ લાગે ત્યારે સ્વાદિષ્ટ અને આકર્ષક વાનગી આપવાથી તે સંતોષથી જમી લેશે. બાળકને કઈ વસ્તુ ભાવતી નથી તેનું બરાબર ખ્યાલ રાખીને તે વસ્તુ ખાવા પર ક્યારેય દબાણ કરવું જોઈએ નહીં. નહિંતર બાળક સમૂળગું ખાવાનું જ છોડી દેશે.

- **જંકફુડનો વપરાશ :**

ચોકલેટ, કેક્સ, બિસ્કીટ, કોલ્ડ્રિંક્સ, તૈયાર નાસ્તા વિગેરેમાં વધારે પ્રમાણમાં કેલેરી હોય છે પણ પોષકતત્ત્વ ખૂબ ઓછા હોય છે. આવી વસ્તુ ખાધા બાદ બાળકને પેટ ભરાયેલું લાગે છે. તેથી જમવા સમયે ભૂખ લાગતી નથી. આથી આવી વસ્તુના બદલે ફળો કે તેના રસને આકર્ષક બનાવી આપવામાં આવે તો ભૂખ ઉઘડે છે.

- **માંદગી :**

બાળકના શરીરમાં કોઈ તકલીફ હોય કે બરાબર પાચન ન થતું હોય તો બાળકની ખાવા પ્રત્યે રૂચિ રહેતી નથી. આવા બાળકો માટે ડોક્ટરની સલાહ લેવી જરૂરી છે.

વિશેષમાં દરેક બાળકને દર બે-ત્રણ કલાકે ભૂખ લાગે તે જરૂરી નથી. કેટલાક બાળકોની પાચન ક્રિયા ધીમી હોય તો તેને મોડી ભૂખ લાગે છે. આથી બાળકને ખોરાક માટે દબાણ કરવાને બદલે તેને બરાબર ભૂખ લાગે તેની રાહ જોવામાં આવે તેજ વ્યાજબી છે.

બાળકો તો પ્રભુની અણમોલ ભેટ છે. દરેક બાળકનું પોતાનું આગવું વ્યક્તિત્વ હોય છે. જે આજુબાજુના વાતવરણ મુજબ સહજ રીતે ઘડાય છે. ઉપર જણાવેલ સૂચનો અને મમ્મીઓની થોડી મહેનત બાળકને ભૂખ લગાડવામાં અને ખોરાક પ્રત્યે રૂચિ વધારવામાં મદદરૂપ થશે તેવી આશા છે. ■

ભુજજ્ઞાતિને મંદિર નવનિર્માણ બદલ અભિનંદન ★ શુભેચ્છક : આકાર એસોસિએટ્સ • ગીરીશ ડી. સોની - અમદાવાદ

# બાળ વિભાગ



★ **કુ. અંકીતા આર. સોની - અમદાવાદ,** શ્રી મુક્તજીવન વિદ્યાલય - ઈસનપુર ખાતે ધોરણ-૧૧માં અભ્યાસ કરે છે. તેમને શાળા તરફથી Best Students of the Year 2005-06 નો ઈલ્કાબ એનાયત કરવામાં આવેલ છે.



★ **કુ. અંજલી અતુલકુમાર સોની**એ તાજેતરમાં આયોજીત "કેમલ" કલર કોન્ટેસ્ટમાં શ્રેષ્ઠ ચિત્ર કૃતિ માટે પારિતોષિક મેળવેલ છે. તે બદલ અભિનંદન.



★ **કુ. રિધ્ધિ ગૌતમભાઈ મૈયા (ભુજ)** તા. ૧-૧થી ૧૫-૧ સુધીની ગાંધીનગરમાં યોજાયેલ રાષ્ટ્રકક્ષાની બાળ હેન્ડબોલ રમતમાં પ્રશિક્ષણ શિબિરમાં ભાગ લેવા ગયેલ. જેમાં તેમની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં પસંદગી થયેલ અને લુધીયાણા (પંજાબ) રમવા ગયેલ. આ અગાઉ પણ રિધ્ધિ રાજયકક્ષાની બાળ હેન્ડબોલમાં રમી આવેલ છે.



★ **કુ. નિશા કે. સાકરીયા**એ તા. ૮-૨-૦૫થી ૧૪-૨-૦૫ દરમ્યાન રાજમપેટ, જીલ્લો - કડપ્પા (આંધ્ર પ્રદેશ) ખાતે યોજાયેલ ૩૧મી જુનીયર નેશનલ વોલીબોલ ચેમ્પિયનશીપમાં પ્લેયર તરીકે ભાગ લીધેલ.



★ **કુ. કુંજ રાજેશભાઈ કોટડીયા**ને ભુજ ખાતે સીટી સ્ક્વેરની ઈનામી યોજનામાં તૃતીય ઈનામ ૨.૫ કિલો ચાંદી મળેલ છે તે બદલ અભિનંદન.



★ **કુ. નેહા પરેશકુમાર**, દિલ્હીમાં ગાર્ગી કોલેજમાં બી.કોમ. સાથે ચાર્ટર્ડ એકાઉન્ટન્સીનો અભ્યાસ કરે છે. કુ. નેહાએ કોલેજ તરફથી આંતરકોલેજની રાષ્ટ્રીય બાસ્કેટબોલ પ્રતિસ્પર્ધામાં રનર્સ અપ મેળવી ઈનામ મેળવેલ છે.

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

સંસ્થા દ્વારા સમગ્ર કચ્છી સમાજનાં બાળકો માટે ઉનાળુ વેકેશન દરમ્યાન "શ્રી ભાઈલાલભાઈ ગોપાળજી શાહ" ચિત્રકળા વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે. જેની વિગતો આ પ્રમાણે છે :

- ***વર્કશોપનો સમયગાળો :*** તા. ૩૦-૪-૦૬થી તા. ૫-૫-૦૬
- ***સમય :*** દરરોજ સવારે ૧૧ થી ૧
- ***સ્થળ :*** સંસ્કાર કેન્દ્ર, **N.I.D.**ની સામે, પાલડી, અમદાવાદ.
- ***ફી :*** એન્ટ્રી દીઠ રૂા. ૫૦/-
- ***વય મર્યાદા :*** ૫થી ૧૫ વર્ષનાં બાળકો.

જે.આર.જે. ફુડ્સ પ્રા.લિ.ના સૌજન્યથી "બાળ ચિત્ર સ્પર્ધા"નું પણ આયોજન કરવામાં આવેલ છે.

- ***રવિવાર, તા. ૭-૫-૨૦૦૬***
- ***સમય :*** સવારે ૧૧થી ૧
- ***સ્થળ :*** સંસ્કાર કેન્દ્ર, **N.I.D.**ની સામે, પાલડી, અમદાવાદ.

ઉપરોક્ત વર્કશોપ તેમજ ચિત્ર સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા બાળકોના વાલીઓએ ***<u>તા. ૨૫-૪-૦૬ સુધીમાં</u>*** નીચે જણાવેલ વ્યક્તિઓને નામ નોંધાવી દેવા.

| | |
|---|---|
| શ્રીમતી રીના ઠક્કર | ફોન : ૨૬૮૫૩૭૫૩ |
| શ્રીમતી સુલુ શાહ | ફોન : ૨૬૬૦૭૯૯૦ |
| શ્રીમતી રેખા પટેલ | ફોન : ૨૬૬૧૩૭૮૫ |
| શ્રીમતી ઉર્વશી સાવલા | ફોન : ૨૫૪૬૪૯૪૮ |

● સંસ્થા દ્વારા આયોજિત કોઈપણ વર્કશોપ કે સ્પર્ધામાં ભાગ લેવા માંગતા ઉમેદવાર કે તેના પરિવારની મુખ્ય વ્યક્તિનું સભ્યપદ હોવું જરૂરી છે. જેના માટે નિયત કરેલ ફોર્મમાં અરજી આપવાની રહેશે. ● વર્કશોપમાં ભાગ લેનાર બાળકને ચિત્રકામ અંગેની સાધન સામગ્રી વર્કશોપના સ્થળેથી આપવામાં આવશે. વર્કશોપમાં ભાગ લેવા ઈચ્છતા બાળકોએ તા. ૩૦-૪-૨૦૦૬ને રવિવારના રોજ સવારે ૧૦.૩૦ વાગે ઉપસ્થિત થવાનું રહેશે તેમજ ડિપોઝીટની રકમ તે જ સમયે જમા કરાવવાની રહેશે.

***ભરત ઓઝા, માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

## ઘડીક ગમ્મત

ચંદુ હોટલમાં જમવા ગયો ત્યારે તેણે એક ઢોસો મંગાવ્યો. વેઈટરે તેને ઢોસો આપ્યો.

ચંદુ અંદરનો સમગ્ર મસાલો ખાઈ ગયો.

વેઈટર : સાહેબ, તમે મસાલો જ કેમ ખાધો?

ચંદુ : મને ડોક્ટરે બહારનું ખાવાની ના પાડી છે.

● ● ● ● ●

વકીલ : (ચોરને) તારો ગુનો શું છે?


ચોર : છીંક ખાવાનો.

વકીલ : છીંક ખાવી એ કાંઈ ગુનો નથી.

ચોર : હું ચોરી કરતો હતો ત્યારે મને જોરથી છીંક આવી અને શેઠે મને પકડી લીધો.

***દિશાંક મહેશચંદ્ર સોની - ગાંધીધામ***

# ભુજ
# જ્ઞાતિ મંદિરોના
# પુનઃ પ્રતિષ્ઠાન નિમિત્તે
# સર્વે જ્ઞાતિજનોને
# હાર્દિક આશીર્વાદ


પૂ.ગોરબાપા
શ્રી સુમનલાલ ત્રંબકલાલ વ્યાસ


પૂ.ગોરબાપા
શ્રી દિનેશભાઈ ત્રંબકલાલ વ્યાસ

## પ્રભુકૃપા - ક્વીઝ કોર્નર

★ એક પરિવારમાં ૨૦ વ્યક્તિઓ છે અને તેમના માટે ૨૦ રોટલીઓ છે. જો દરેક પુરૂષ ૩ રોટલી, દરેક મહિલા ૨ રોટલી અને દરેક બાળક અડધી રોટલી ખાય અને સૌને તે મુજબ મળી રહે છે. એક પણ રોટલી વધતી કે ઘટતી નથી. તો તે પરિવારમાં પુરૂષો, મહિલાઓ અને બાળકોની સંખ્યા કેટલી છે તે જણાવો.

*આપનો જવાબ તા. ૩૦-૪-૨૦૦૬ સુધીમાં તંત્રીશ્રી - "જ્ઞાતિ સેતુ"ને મોકલાવી આપવા વિનંતી. સાચા જવાબ આપનારને રૂા. ૧૦૧/-નું ઈનામ **"પ્રભુકૃપા જ્વેલર્સ" (અંજાર)** તરફથી આપવામાં આવશે. જો સાચા જવાબની સંખ્યા વધારે હશે તો લક્કી ડ્રો દ્વારા વિજેતા નક્કી થશે. સાચા જવાબ આપનારના નામો આવતા અંકમાં પ્રસિધ્ધ થશે. તો થાવ તૈયાર!* **Its Challenge for U!!!**

## સપ્તરંગી સત્તો

★ સાત પવિત્ર નદી : ગંગા, યમુના, ગોદાવરી, સરસ્વતી, નર્મદા, કાવેરી
★ સાત ચિરંજીવીઓ : અશ્વત્થામા, બલીરાજા, વ્યાસ મુનિ, હનુમાન, વિભિષણ, કૃપાચાર્ય
★ સંગીતના સ્વરો : ષડ્જ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, દૈવત, નિષાદ (સા રે ગ મ પ ધ ની સા)
★ સાત લોક : ભૂ, ભૂવર, સ્વર, મહરસ, તપ, જન, સત્ય
★ સાત પ્રકારની શક્તિ : શારીરિક, માનસિક, બૌધ્ધિક, આર્થિક, આત્મિક, સામાજીક, રાજનૈતિક.
★ સાત પ્રકારની ધાતુ : રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, શુક્ર. ***પોમલ હની રામદાસભાઈ - અંજાર***

## શબ્દ સેતુ-૧ નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ગી | ર | ના | ર | | કા | | વા | ર |
| ની | | ગી | | રા | ન | વ | ઘ | ણ |
| | વ | ન | રા | જ | | જી | | જી |
| | રૂ | | | કો | ત | ર | | ત |
| મા | ણ | સ | | ટ | | | સ | |
| | દે | વિ | | | વ | સ | વા | ટ |
| દે | વ | તા | | ભુ | | પ | ર | મ |
| ડ | | | ફુ | ટ | પા | થ | | લ |
| કો | ટ | વા | લ | | ગી | | વ | ર |

## સાભાર સ્વીકાર

★ સોની ગોપાલભાઈ શામજીભાઈ ઘડુલીવાલા (કામધેનુ સૉ મિલ - દહેગામ)ના સુપુત્ર ચિ. નવીનભાઈના વેવિશાળ અમદાવાદના સોની ગીરીશભાઈ મુળજીભાઈના સુપુત્રી ચિ. જૈમિની સાથે થયેલ. જે નિમિત્તે શુભેચ્છા ભેટ રૂા. ૫૦૧-.

★ ભુજ નિવાસી સોની મદનલાલ ઝવેરીલાલ બુધ્ધભટ્ટીના સુપુત્ર ચિ. મયુરના શુભ વેવિશાળ અંજાર નિવાસી સોની જગદીશ કાનજીભાઈ હેડાઉની સુપુત્રી ચિ. પૂનમ સાથે થયેલ. જે નિમિત્તે શુભેચ્છા ભેટ રૂા. ૫૦૧/-

★ શ્રી તુલસીદાસ એલ. કંસારા તરફથી તેમના સુપુત્ર ચિ. મુંજાલના લગ્નપ્રસંગે શુભેચ્છા ભેટ રૂા. ૧૦૦૧/-.

ભુજ જ્ઞાતિને મંદિર નવનિર્માણ બદલ અભિનંદન ★ શુભેચ્છક : કામધેનુ સૉ મિલ - દહેગામ ● ગોપાલભાઈ શામજીભાઈ પોમલ

## 'જ્ઞાતિ સેતુ' માટે જાહેરાતના ભાવ

| | બ્લેક / વ્હાઈટ | કલર |
|---|---|---|
| ★ છેલ્લું ટાઈટલ | ૧૨૦૦/- | ૨૦૦૦/- |
| ★ અંદરનું બીજું/ત્રીજું ટાઈટલ | ૯૦૦/- | ૧૫૦૦/- |
| ★ આખું પાનું | ૬૦૦/- | ૧૦૦૦/- |
| ★ અડધું પાનું | ૪૦૦/- | ૬૦૦/- |
| ★ ૧/૪ પાનું | ૩૦૦/- | ૪૫૦/- |
| ★ ૧/૮ પાનું | ૨૦૦/- | ૩૦૦/- |
| ★ શુભેચ્છા પટ્ટી | ૧૦૦/- | ૧૫૦/- |

પ્રથમ વખતે ડિઝાઈનીંગ તથા પોઝીટીવ ચાર્જ નીચે મુજબ અલગથી આપવાનો રહેશે.

● *કલર જાહેરાત : રૂા. ૫૦૦/-* ● *બ્લેક / વ્હાઈટ જાહેરાત : રૂા. ૨૫૦/-*

જાહેર ખબરની રકમ **"શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ"**ના નામે ચેક/ડ્રાફ્ટ અથવા રોકડ નીચે સરનામે મોકલવા વિનંતી. **ધવલ જ્વેલર્સ,** ૧૪-ચાંલ્લા ઓળ, માણેક ચોક, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - અંજાર

આથી સર્વે જ્ઞાતિજનોને જણાવવાનું કે આગામી તા. ૧૪-૫-૦૬ રવિવાર વૈશાખ વદ એકમના અંજાર મધ્યે સમૂહ લગ્નનું આયોજન કરેલ છે. આ સમૂહ લગ્નમાં નામ નોંધાવવા ઈચ્છતા જ્ઞાતિજને તા. ૧૦-૪-૦૬ સુધી લગ્નનું ફોર્મ ભરી જવા વિનંતી. લગ્ન રજીસ્ટ્રેશન થતા હોવાથી બે નંગ પાસપોર્ટ સાઈઝના ફોટા તથા જન્મના દાખલા અથવા સ્કૂલ લીવીંગ સર્ટિફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.

*ફોર્મ ભરવાનું સ્થળ :*

ભરતભાઈ ચત્રભુજ કંસારા
ગંગાબજાર, અંજાર, કચ્છ. મો. ૯૮૨૫૮ ૩૭૯૩૬

પ્રમુખશ્રી - શિવલાલ એમ. સોની મો. ૯૮૭૯૨ ૫૧૧૫૩

કન્વીનર - રાજેશભાઈ કેશવલાલ સોની મો. ૯૪૨૬૪ ૩૫૪૩૬

***શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ સમૂહ લગ્ન સમિતિ, અંજાર - કચ્છ***

*આપણા જ્ઞાતિજનોમાં જે પુણ્યશાળી આત્માઓએ નેત્રદાન કે દેહદાન કર્યું હશે તેમની 'શ્રધ્ધાંજલિ'ને 'જ્ઞાતિ-સેતુ'માં વિનામૂલ્યે સન્માનપૂર્વક સ્થાન આપવામાં આવશે.*

# WHAT CAN I DO FOR THE PROGRESS OF MY CASTE OR SOCIETY?

*Parmar Priya Amrutlal*

John Kenedy once said, “Do not think what your Country can do for you, but always think what you can do for your Country.” In the same manner, I would like to say that “Think what you can do for your caste (Society). Never think what your Caste can do for you.” India is a democratic Country and there are many groups of castes and divisions in it. We all know that individual voice becomes fruitless in democracy but the voice of group plays important role to fulfill our demands and to achieve benefit from our Government. Every individual of our caste must think what he or she can do for his or her caste. In broad sense, it is our duty to do something for our society but as far as caste is concerned we must contribute to uplift the whole community which will bring welfare to an individual. Here I present my own ideas on the topic what can I do for my caste, as under :-

First of all, I try to give my idea about education. We all know that in this modern age education is not only necessary but also compulsory. If one person is illiterate, he loses his value or status in Society. Regarding education, I would like to say that educated person is more successful in life. Now one question comes in our mind that who is called “educated person?” According to Harold Nicolson educated person is he who knows “Something about everything and everything about something.” Suppose, this definition is not alright, but I want to say that in this age we have the need of education in all the field. With the help of education, we get job, earn money, get knowledge about whole life and also become able to fulfill our desire. After above argument, I want to see all the members of our caste must be educated. I promise that, I will try my best for helping the students, We must try to give inspiration to students for getting more and more education. We should help them in achieving their goal. We should also give them prizes and also help them by giving scholarships for their study. We should give them inspiration and increase their enthusiasm and taste for education.

All the persons of our society, should meet and discuss about the best future of students, workers and also for business. We try to enhance curiosity of students and give them guidance about different knowledge which is useful in their life. There are many scholars in our society.

After above discussion, we all agree that if we want to increase the standard of educated people we must get help from books. Book are able to change our life and we find flow or stream of inspiration in it. So “Books” are our companion, philosopher and guide.

After 10th or 12th standard, students are not able to decide, in which field they want to go. Sometimes they blindly follow their friends. They do not try to concentrate on their mind and their chosen line is not based on their interest. So, they get bad result. In this type of situation, we have to give them guidance about all the courses and also try to know their interest and advise them to choose their interested field of education and make their future bright.

Guidance about self employment is necessary for new generation. There are many faculty such as Arts, Commerce, Science, Diploma, I.T.I., fashion designing etc. In my view, Arts, Commerce and Science are routine line. Most of the students get degree and become graduate, but after graduation, they become unemployed. On the other hand, if we get education of technical field like Electrical Engineer, Mechanical Engineer, etc. we may get good job. This age is called age of Computer. We find job in every place with the knowledge of computer. There are many courses which are linked with computer business. If we get mastery in computer work, we can earn more money than any other profession. So guidance about self employment is not only useful but also helpful.

Now, I want to talk about open University. Dr. Ambedkar University and IGNOU etc. are called Open Universities.

***(To be contd.)***

# "સેતુ"ના નવા સભ્યોની યાદી

*દેશના વિવિધ વિસ્તારોમાંથી સેતુ પરિવારમાં જોડાઈ રહેલ સર્વે જ્ઞાતિજનોને અમો સહર્ષ આવકારીએ છીએ.*

૧. શ્રી ભરત ડી. કટ્ટા - ભુજ
૨. શ્રી વિનોદભાઈ નરભેરામ બીજલાણી - અંજાર
૩. શ્રીમતી હેમલતાબેન જયંતીલાલ પોમલ - અંજાર
૪. શ્રી રામદાસ મગનલાલ પોમલ - અંજાર
૫. શ્રી પ્રકાશ ચમનલાલ પોમલ - અંજાર
૬. શ્રી સુરેશ વિઠ્ઠલદાસ છત્રાળા - અંજાર
૭. શ્રી ધીરેનભાઈ પોપટલાલ પરમાર - ભુજ
૮. શ્રી મોહનલાલ લાલજીભાઈ સોની - ખોંભડી
૯. શ્રી દયારામ હરિલાલ બીજલાણી - ભુજ
૧૦. શ્રી હસમુખ દેવકરણ મેવચા - માધાપર
૧૧. શ્રી નીતિન રામદાસ સોલંકી - ભુજ
૧૨. શ્રી પ્રવીણકુમાર લક્ષ્મીદાસ સોલંકી - નાગલપુર (માંડવી)
૧૩. શ્રી સુરેશ પ્રાગજી સોલંકી - માંડવી
૧૪. શ્રી અરવિંદકુમાર રણછોડદાસ મેવચા - રાજકોટ
૧૫. શ્રી રામેશ્વરભાઈ જગદીશભાઈ કટ્ટા - રાજકોટ
૧૬. શ્રી મોતીલાલ દેવકરણ બુધ્ધભટ્ટી - ભુજ
૧૭. શ્રી હરિલાલ મણિલાલ બારમેડા - ભચાઉ
૧૮. શ્રી કાંતિલાલ વિશનજી કટ્ટા - અંગીયા
૧૯. શ્રી જયસુખલાલ રામજીભાઈ ગોહીલ - મિરજાપર
૨૦. શ્રી સૂર્યકાંત ધારશી બુધ્ધભટ્ટી - માંડવી
૨૧. શ્રી પલક કીર્તિભાઈ ગુજરાતી - ભુજ
૨૨. શ્રી કિશોર પ્રેમજી સોલંકી - ભુજ
૨૩. શ્રી ભરત વિઠ્ઠલદાસ મૈચા - ભુજ
૨૪. શ્રી રમેશભાઈ રણછોડભાઈ પોમલ - ભુજ
૨૫. શ્રી રાજેશ મણિલાલ છત્રાળા - ભુજ
૨૬. શ્રી શશીકાંત હરિલાલ પોમલ - ભુજ
૨૭. શ્રી નીતિનભાઈ વિશ્રામભાઈ બુધ્ધભટ્ટી - ભુજ
૨૮. શ્રી ચંદ્રકાંત ગોરધનદાસ બુધ્ધભટ્ટી - ભુજ
૨૯. શ્રી હરેશભાઈ એમ. સોની - ભુજ
૩૦. શ્રી સુરેશભાઈ પી. બગ્ગા - મોરબી
૩૧. શ્રી સુરેશ પ્રેમજીભાઈ સોલંકી - ભુજ
૩૨. શ્રી હિતેન ચંદ્રકાંત સોની - ભુજ
૩૩. શ્રી નિખિલ પ્રેમજીભાઈ પોમલ - ભુજ
૩૪. શ્રી દીપક જેઠાલાલ ગુજરાતી - માનકુવા
૩૫. શ્રી કિરીટ કોટડીયા - સ્વીટ્ઝર્લેન્ડ

*જે સભ્યોના લવાજમને એક વર્ષ પુરૂં થઈ ગયેલ હોય તેમણે નજીકના "સેતુ" પ્રતિનિધિ પાસે લવાજમ રીન્યુ કરાવી લેવા વિનંતી છે.*

# "જ્ઞાતિ સેતુ"ના માનદ્ પ્રતિનિધિઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી હેમેન્દ્રભાઈ કટ્ટા | અંજાર | મો. ૯૮૭૯૧ ૯૪૩૩૪ |
| ૨. | શ્રી અનિલ એસ. સોની | અંજાર | મો. ૯૮૨૪૨ ૮૫૨૧૦ |
| ૩. | શ્રી કમલેશ પી. પોમલ | ભુજ | મો. ૯૮૭૯૩ ૬૦૨૦૫ |
| ૪. | શ્રી ખીમજીભાઈ હંસરાજભાઈ સોની | નખત્રાણા | ફોન : (૦૨૮૩૪) ૨૨૩૮૪૨ |
| ૫. | શ્રી પ્રકાશ ભગતલાલ બારમેડા | રાયપુર | મો. ૯૮૨૬૩ ૦૮૨૦૮ |
| ૬. | શ્રી જેન્તીલાલ સક્કરીયા | મુંબઈ | મો. ૯૩૨૩૧ ૩૮૬૫૨ |
| ૭. | શ્રી લક્ષ્મીદાસ પી. સક્કરીયા | ભુજ | ફોન : ૦૨૮૩૨-૨૯૦૪૪૪ |
| ૮. | શ્રી ગૌતમભાઈ ગોવિંદભાઈ સોની | ભુજ | મો. ૯૯૨૫૩ ૧૧૮૫૩ |
| ૯. | શ્રી અનિલભાઈ વિઠ્ઠલભાઈ સોની | ભુજ | ફોન : (૦૨૮૩૨) ૫૭૦૨૨૧ |
| ૧૦. | શ્રી વિજયભાઈ મેઘજીભાઈ બુધ્ધભટ્ટી (રૂલપ્રેસવાળા) | ભુજ | મો. ૯૮૭૯૩ ૮૮૯૨૨ |
| ૧૧. | શ્રી હિતેશ મનસુખલાલ સોની | માધાપર | મો. ૯૪૨૬૯ ૦૩૬૯૩ |

*"જ્ઞાતિ સેતુ"ના સભ્યપદ માટે તથા જાહેરાત આપવા માટે ઉપરોક્ત માનદ્ પ્રતિનિધિઓનો સંપર્ક કરવા વિનંતી.*

Printed & published by Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at Kankeshwari Offset, Raipur Darwaja, Bhutni Ambli, Ahmedabad-380 001. Published at Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Challa Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor :Shri Hansraj Kansara. Price : Rs. 20.00